|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || પ્રેમળ જ્યોતિ ||

**પ્રેમળ જ્યોતિ તારો દાખવી...**
**મુજ જીવન-પંથ ઉજાળ.**
**દૂર પડ્યો નિજ ધામથી હું ને ઘેરે ઘન અંધાર;**
**માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,**
**મારો જીવન-પંથ ઉજાળ.**
**ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ, દૂર નજર છો ન જાય,**
**દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,**
**મારે એક ડગલું બસ થાય...**
**કર્દમભૂમિ કળણભરેલી ને ગિરિવર કેરી કરાડ,**
**ધસમસતા જળકેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ**
**મને પહોંચાડશે નિજ દ્વાર.**
**રજની જશે ને પ્રભાત ઊજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ;**
**દિવ્યગણોનાં વદન મનોહર મારે હૃદય વસ્યાં ચિરકાળ,**
**જે મેં ખોયાં હતાં ક્ષણવાર.**

**—અનુ. શ્રી નરસિંહરાવ દિવેટિયા**

(મૂળ કૃતિ કાર્ડિનલન્યૂમનરચિત 'લીડ કાઈન્ડલી લાઈટ')

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ જૂન – ૨૦૨૦ ॥

God says to man :
I heal you therefore I hurt.
Love you therefore punish.
Let this my last word that,
I trust in thy love.

ઈશ્વર મનુષ્યને કહે છે :
હું તને સાજો કરવા ઈજા પહોંચાડું છું.
ચાહું છું તેથી સજા કરું છું.
મારો છેલ્લો શબ્દ એ હોય કે,
મને તારા પ્રેમમાં શ્રદ્ધા છે.

**–રવીન્દ્રનાથ ટાગોર**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૭ |
| ૨. ભીષ્મનો યુવરાજપદે અભિષેક | શ્રી યોગેશ્વરજી | ૮ |
| ૩. મૃત્યુનો શોક નકામો છે | શ્રી યોગેશ્વરજી | ૧૨ |
| ૪. ભૂતનાથ મહાદેવના બ્રહ્મગિરિજી | શ્રી યોગેશ્વરજી | ૧૫ |
| ૫. The glory of Varad Hasta | ડૉ. અર્પિતા દેસાઈ | ૨૨ |
| ૬. પ્રભુજી રૂઠે તો મરી જાશું | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૯ |
| ૭. 'ભજ ગોવિન્દમ્' | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૩૪ |
| ૮. 'મા' - અમૂલ્ય મિરાત | શ્રી નીલમ પટેલ | ૪૬ |
| ૯. અધ્યામ એટલે ક્ષણક્ષણની જાગૃતિ | શ્રી દર્શના ત્રિવેદી | ૫૦ |
| ૧૦. એક રાત પ્રભુકે નામ | શ્રી તારક વ્યાસ | ૫૩ |
| ૧૧. શ્યામની મા | સાને ગુરુજી | ૫૯ |
| ૧૨. 'કર્પૂરવનના કાલીમંદિર તીર્થ'નું ભૂમિપૂજનપર્વ | શ્રી મયૂરી ટેલર | ૬૧ |
| ૧૩. સ્વર્ગારોહણ-ફૂલવાડીનાં બાળશાસ્ત્રીઓ | સંકલન | ૬૪ |

## નિવેદન : સૂર્યપુરીમાં આત્મસ્થ ‘મા’નું દિવ્ય દર્શન

‘આ જગતમાં આપદા એક જ છે આત્મવિસ્મરણ અને સંપદા છે આત્મસ્મરણ.’ જે આ ‘સત્ય’ પામી ચૂક્યા છે, એવાં આત્મસ્થ ‘મા’ જેવા સંતોને બાહ્યજગતની કોઈ ચહલપહલ પછી તે પ્રલય, પૂર, ધરતીકંપ કે કોરોના જેવી ભીષણ મહામારી કેમ ન હોય; તે ડરાવી શકતી નથી. કેમકે કોઈ ‘કુદરતી પ્રકોપ’માં તેમનાં ‘સ્વ-સ્વરૂપ’ છીનવી લેવાની શક્તિ નથી.

સાચા આત્મવિદ્‌ને કોઈ ચિંતા, શોકસંતાપ નથી હોતાં. એમની આત્મસત્તા પરમાત્મારૂપમાં વ્યાપ્ત છે ને પરમાત્મા જ એમનામાં ઓતપ્રોત છે. એમની રગરગમાં આત્મબોધ-પરમાત્માબોધ સિવાય કંઈ શેષ નથી. આખું વિશ્વ એમને ચૈતન્યમય દેખાય છે, એમાં પ્રારબ્ધવશ જીવોની ગતિ દેખાય છે; પણ સજ્જન-દુર્જનની કોઈ પરિભાષા નથી. તેઓશ્રીની ચેતનાનું ઊર્ધ્વીકરણ-વૃત્તિઓનું શુદ્ધિકરણ એટલું થયું છે કે કોઈ અપેક્ષા, કોઈ આકાંક્ષા કે મોહ નથી.

જગત સાથે, લોકો સાથે સંવેદનશીલતાનો નાતો સઘન હોવા છતાં, એ ‘એકાકી’ છે. શરીરની સઘળી ઈન્દ્રિયો-વૃત્તિઓ વચ્ચે ‘દિવ્ય એકાકીપણું’ છે. એમનામાં નથી અવ્યક્ત રહેવાની ઇચ્છા કે નથી વ્યક્ત થવાની ભાવના. અત્યંત શાંત, સુંદર, અભૂતપૂર્વ રીતે પોતે પોતાની કાયામાં-અસ્તિત્વમાં સમેટાઈ ગયાં છે.

બહારથી તો તેઓશ્રી આપણાં જેવાં જ લાગે. એમનું બોલવું-ચાલવું-ઊઠવું-બેસવું બધું સાધારણ લાગે પણ ભીતર



આત્મસ્થ થયાં હોઈ, ટીકા-પ્રશંસાથી પર પોતાની આકાશીવૃત્તિ ધારી રહે છે. ભયની પરવશતા નથી, આત્મવશતાએ એમને અભય બનાવ્યાં છે.

તેથી સૃષ્ટિનિયંતાની વિસર્જનલીલાને તેઓશ્રી દૃષ્ટાભાવે નિહારે છે. પીડિત માનવજાત માટે વિષણ્ણ વિશ્વ માટે કરુણાભાવે પ્રભુને સહજ પ્રાર્થના થઈ જાય છે; પણ ક્યાંય ઈશ્વરી ન્યાય કે નિયતિ માટે આશંકા રાખ્યા વિના ! ઈશ્વરી ઈચ્છાનો સહજ સ્વીકાર જેમની સમગ્ર જીવનશૈલીનો પર્યાય છે એવાં પૂજ્યશ્રી‘મા’ સૂર્યપુરીમાં (સુરતમાં) એક અનન્ય સાધકના યજમાનભાવને વિનમ્રભાવે વધાવતાં આંતરિક મુક્તિ અને સંપૂર્ણ સ્વાધીનતાની ‘દિવ્ય એકાકી’ (Divine Aloneness) અવસ્થામાં સ્થિત રહી, પોતાની અનોખી રીતે જગતકલ્યાણના યજ્ઞકાર્યમાં અહર્નિશ નિઃશેષપણે સમર્પિત રહે છે.

આવાં પરમ કરુણામયી ‘મા’નાં શ્રી ચરણોમાં કોટિ કોટિ પ્રણામ !

**—સૌજન્ય : શ્રી હેમલભાઈના વિડિયોદર્શન પરથી પ્રેરિત**

‘મહાવીર, બુદ્ધ, મોહમ્મદ, જીસસ જંગલમાં જતા રહે છે. એ વાતની ખોજ કરવા કે જંગલમાં જઈને જે ચીજો વ્યર્થ થઈ જાય છે તે વ્યર્થ જ હતી. ભીડને કારણે ખબર ન હતી પડતી. જંગલમાં પણ જે ચીજ સાર્થક રહે છે એ જ બચાવવા યોગ્ય છે. એકાંતમાંથી પાછા ફરે છે તો પણ એને જ બચાવે છે; જે જંગલમાં પણ સાર્થક હતી; એ ચીજ ‘આપણો આત્મા’ છે.’

## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૭૭**
**તા. ૧-૨-૮૩, મંગળવાર, મહા વદ ચોથ ૨૦૩૯**
**યુટનહેગથી ગ્રેહેમ્સ ટાઉન**

સવારે એ જ ક્રમ રહ્યો.

ખીચડી-દૂધ જાતે બનાવીને ભોજન લીધું.

આજે શ્રી જયચંદ્રભાઈએ પૂ.શ્રી પાસેથી ધ્યાન અંગે થોડી સમજ મેળવી.

આજે ચાર વાગ્યે અહીંથી ગ્રેહેમ્સ ટાઉન જવાનું છે. ત્યાં જવા સાંજે ચાર વાગ્યે નીકળીએ છીએ. માર્ગમાં પૂ.શ્રીની અંગ્રેજી પ્રવચનની ટેઈપ સાંભળી. બે કલાકનો એ માર્ગ જંગલ જેવો વિસ્તાર હતો. પહાડો ને જંગલોને તોડી-કાપીને રસ્તાઓને ખૂબ જ પહોળા બનાવવાનું કામ ચાલતું હતું. માર્ગમાં સખત વરસાદ ચાલુ રહ્યો.

ગ્રેહેમ્સ ટાઉન શિક્ષણક્ષેત્રે જાણીતું છે. આ શહેરમાં ગુજરાતી ભાઈ-બહેનોનાં ઘરો ઓછાં છે. છતાં અહીં નાનું-સરખું મંડળ ચાલે છે.

અમે લગભગ સવા છ વાગ્યે બજારમાં ગુડવીલ દુકાન પાસે આવી ગયાં. શ્રી દલપતભાઈની એ દુકાન. પાછળ મોટું ઘર ને મોટો વાડો છે. શ્રી દલપતભાઈએ અને તેમનાં પત્નીએ ચરણસ્પર્શ કરીને પ્રણામ કર્યા. તેઓ રાધાસ્વામી સંપ્રદાય પાળે છે.

થોડી જ વારમાં હૉલમાં પ્રવચન માટે ગયાં. પ્રવચનની શરૂઆતમાં પરિચય-વિધિ થયો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ફળ-દૂધ લઈને આરામ કર્યો.

હરિઃ ૐ

—'મા' સર્વેશ્વરી



## ॥ ભીષ્મનો યુવરાજપદે અભિષેક ॥

પ્રતીપપુત્ર શાંતનુ રાજા અન્યની પેઠે મૃગયાનો શોખીન હતો.

એ એની અભિરુચિને અનુસરીને મૃગયા માટે સતત વનમાં વિહરવા લાગ્યો.

મૃગોને અને મહિષોને પકડવાના પ્રયત્નો કરતો ને મારતો તે નૃપશ્રેષ્ઠ સિદ્ધો તથા ચારણોથી સેવાયેલા ગંગાના વિશાળ તપઃપૂત તટપ્રદેશ પર એકલો ફરવા માંડ્યો.

ત્યાં એક વાર એની દૃષ્ટિ એક અતિશય તેજસ્વી શરીરવાળી, સૌન્દર્યના સંપુટસરખી, સાક્ષાત્ લક્ષ્મી જેવી એક સ્ત્રી પર પડી.

અલૌકિક આભૂષણોથી અલંકૃત, પારદર્શક પાતળા વસ્ત્રવાળી, એ રૂપરૂપના અંબાર જેવી સુંદરીને નિહાળતાંવેંત જ એ આશ્ચર્યચકિત અને રોમાંચિત બની ગયો.

એનું સૌન્દર્યપાન કરતાં ધરાયો જ નહિ.

એ પરમસુંદરી સ્ત્રીની પણ એવી જ દશા થઈ.

એના પ્રાણમાં પ્રેમના ફુવારા ફૂટ્યા અને રાજા શાંતનુને જોતાં એ તૃપ્તિ ના પામી.

શાંતનુએ એને એનો પરિચય પૂછીને પોતાની પત્ની બનવા માટે માગણી કરી.

એ અતિશય આકર્ષક, અસાધારણ આહ્લાદદાયિની,

પરમસુંદરી સ્ત્રી ગંગાએ એ માગણીને પ્રસન્નતાપૂર્વક માન્ય રાખીને જણાવ્યું કે હું તમારી પટરાણી બનીશ, પરંતુ મારાથી કાંઈ શુભ અથવા અશુભ થતું દેખાય તો તમારે મને કશું અપ્રિય ના કહેવું અને મારી વચ્ચે પણ ના આવવું. તમે જો મારી વચ્ચે આવશો કે મને કોઈ કામ કરતાં રોકશો તો ત્યારે હું તમને છોડી દઈશ.

શાંતનુએ એને માટે અનુમતિ આપી.

ગંગાને મેળવીને એ ઇચ્છાનુસાર ભોગ ભોગવવા લાગ્યો. એના શીલ, સદાચાર, ગુણ, રૂપ, ઔદાર્ય અને સેવાભાવથી એ અંતરમાં પરમસંતોષ અને પ્રસન્નતા પામ્યો. એ સર્વોત્તમ સ્ત્રીના સ્નેહ, સદ્‌ગુણ, સંભાષણ અને નયનાભિરામ નૃત્યાભિનયથી વશ થયેલા રતિસુખસાગરમાં ડૂબેલા રાજાને વરસો ક્યાં ને કેવી રીતે વીતી ગયાં તેની ખબર પણ ના પડી.

તે સુંદરતાના સનાતન સર્વશ્રેષ્ઠ સંપુટસમી ગંગા દ્વારા શાંતનુને જે ક્રમેક્રમે સાત પુત્રો થયા તેમને ગંગાએ નદીમાં નાખી દીધા. એ પછીથી જન્મેલા આઠમા પુત્રને જળપ્રવાહમાં નાખવા માટે એણે તૈયારી કરી ત્યારે શાંતનુએ વચ્ચે પડીને, એ કામને નિંદ્ય ગણાવીને, અટકાવી. ગંગાએ એ વખતે જણાવ્યું કે મારી શરત આજે પૂરી થઈ. હું મહર્ષિઓના સમૂહથી સેવાતી જહ્નુપુત્રી ગંગા છું. હું તમારી સાથે દેવકાર્યના પ્રયોજનની સિદ્ધિ માટે રહેલી. એ પુત્રો હતા મહાભાગ્યશાળી મહાઓજસ્વી વસુદેવો. મહર્ષિ વસિષ્ઠના શાપદોષને લીધે તે સૌ માનવદેહને પામેલા. તેમને માટે મહામંડળમાં તમારા જેવો કોઈ બીજો યોગ્ય જનક



નહોતો ને મારા જેવી સુયોગ્ય જનની નહોતી. તેથી તેમની માતા થવા માટે મેં માનવદેહને ધારણ કરેલો. મારે વસુદેવો સાથે વાત થયેલી કે તેમના જન્મ પછી હું તેમને માનવશરીરમાંથી મુક્તિ આપીશ. તેમને મહાત્મા આપવે એવો શાપ આપેલો. એકેક વસુના અષ્ટમાંશથી આઠે વસુઓના સ્થાનસમા આ સુપુત્રને મેં તમારે માટે વસુઓ પાસેથી પ્રાપ્ત કર્યો છે. તેનું રક્ષણ કરજો.

એ અતિશય આકર્ષક પરમસૌન્દર્યમયી ગંગા કુમારને લઈને ત્યાંથી અંતર્ધાન થઈ ગઈ.

તે કુમાર દેવવ્રત તથા ગાંગેયના નામથી પ્રસિદ્ધિ પામ્યો. મહાભારત વર્ણવે છે :

''ધર્મમાં પ્રવર્તતા સર્વ ધર્મવાનોમાં શ્રેષ્ઠ તે શાંતનુને રાજાઓએ રાજરાજેન્દ્રના પદે અભિષિક્ત કર્યો. તે ઈન્દ્રરાજાના જેવો ધર્મજ્ઞ, સત્યવચની અને સરળ હતો. દાન, ધર્મ, તપ અને યોગની મદદથી પરમ ઐશ્વર્યવાન થયો હતો. રાગ અને દ્વેષથી વિમુક્ત અને ચંદ્રના જેવો પ્રિયદર્શન હતો. તેજમાં તે સૂર્ય જેવો, વેગમાં વાયુસમાન, ક્રોધમાં યમસમાન અને ક્ષમામાં પૃથ્વી સરખો હતો. પૃથ્વીપાલ શાંતનુના શાસનમાં પશુઓ, વરાહો, મૃગો તેમજ પક્ષીઓનો પહેલાંની જેમ વધ થતો ન હતો.''

''અહિંસારૂપી પ્રધાન બ્રહ્મધર્મવાળા તે રાજ્યમાં વિનયસંપન્ન અને કામ તથા રાગથી વિમુક્ત તે શાંતનુ સૌની ઉપર સમદૃષ્ટિથી શાસન કરતો. મહાબળવાન, મહાસત્યશાળી, મહાવીર્યવાન અને મહારથી તે સર્વ અસ્ત્રોમાં તેમજ પૃથ્વીનાં અન્ય આયુધોમાં સંપૂર્ણ નિષ્ણાત હતો.''

"એકવાર રાજા શાંતનુ મૃગને બાણ મારીને ગંગા-નદી ઉપર અનુસરતો હતો ત્યારે ભાગીરથીમાં ઓછું પાણી અવલોકીને વિચારવા લાગ્યો કે, નદીઓમાં શ્રેષ્ઠ ગંગા આજે પહેલાંની જેમ કેમ વહેતી નથી ? તેણે ત્યાં એક સુંદર આકર્ષક કુમારને જોયો. તે ઈન્દ્રદેવની જેમ દિવ્ય અસ્ત્ર ચલાવતો અને તીક્ષ્ણ બાણો વડે સમગ્ર ગંગાને ઘેરીને ઊભેલો. ગંગાને શરસમૂહથી આચ્છાદિત થયેલી અને તે કુમારનું અલૌકિક કર્મ અવલોકીને રાજા ખૂબ જ વિસ્મય પામ્યો. તેણે તે કુમારને તેના જન્મ વખતે જ જોયેલો. તેને ઓળખવા જેટલી સ્મૃતિ ના આવી. તે કુમારે પણ તેને માયાથી મોહિત કર્યો અને તત્કાળ અદશ્ય થયો. તે જ વખતે ઉત્તમ સ્વરૂપને ધારણ કરેલી ગંગાએ તે કુમારનું દર્શન કરાવ્યું. અલંકારોથી અલંકૃત થયેલી વિમળ વસ્ત્રવાળી ગંગાને તેણે અગાઉ જોઈ હતી તોપણ તે ઓળખી શક્યો નહિ. ગંગાએ એ કુમારને પુત્ર તરીકે ઓળખાણ આપીને એને ઘેર લઈ જવા માટે જણાવ્યું."

"ગંગાએ એ પ્રમાણે અનુજ્ઞા આપી એટલે એ સૂર્યસમાન તેજસ્વી પુત્રને લઈને શાંતનુ પોતાના નગરમાં ગયો. તેણે તેનો પૌરવવંશના રાજ્યપાલન માટે યુવરાજપદે અભિષેક કર્યો."

**–શ્રી યોગેશ્વરજી**

**('મહાભારતનાં મોતી')**

'જિંદગી કંઈક એવી છે કે, જ્યાં સુધી તમે બહુ દ્વારો પર ભટકી ન લો ત્યાં સુધી તમે 'પોતાના દ્વાર' સુધી આવી શકતા નથી.'



# ॥ મૃત્યુનો શોક નકામો છે ॥

મરણ વખતે ને મરણ પછી શોક ના થાય ને મન સ્વસ્થ રહે તે માટે વિવેકના દીપકને જગાવવાની જરૂર છે. બીજી જરૂરત ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાની ને ઈશ્વર જે કરે છે તે સારું જ કરે છે એવી પાકી સમજની છે. આવી સમજવાળા વિવેકી પુરુષો મરણથી દુઃખી થતા નથી. ભારતમાં હમણાં જ થઈ ગયેલા મહાપુરુષ શ્રી રમણ મહર્ષિની માતાની આખરી દશા આવી ત્યારે મહર્ષિએ તેમની ખૂબ સેવા કરી. મહર્ષિ તેમની પાસે આખો દિવસ બેસી રહ્યા તેમજ શરીર પર હાથ ફેરવી રહ્યા, ને તેમના કહ્યા પ્રમાણે તેમણે પોતાની અલૌકિક શક્તિથી માતાને મુક્તિ અપાવી દીધી. પણ તે પછી શું થયું તે ખબર છે ? માતાના મૃત્યુ પછી પતાવવાની વિધિ પતાવીને તેમણે આશ્રમવાસીઓને કહ્યું કે, ચાલો, હવે આપણે જમી લઈએ. આપણને કાંઈ સૂતક લાગેવળગે નહિ. એ આશ્રમવાસીઓની સાથે બેસીને તેમણે ભોજન કર્યું. બધા માણસોને કદાચ આ પદ્ધતિ પસંદ ના પડે, પણ તેની પાછળ અનાસક્તિ ને મોહમુક્તિની જે ભાવના છે તે સુંદર છે, ને સૌનેય પસંદ પડશે, એમાં શંકા નથી. નરસી ભગતે સ્ત્રી ને પુત્રના મૃત્યુ વખતે ઈશ્વરની ઇચ્છામાં આનંદ માનીને ગાયું છે કે :

'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ !'

એ પ્રમાણે ગાવાની ને સમજવાની શક્તિ સૌમાં ના હોય એ વાત સમજી શકાય તેમ છે; પણ મૃત્યુના પ્રસંગને ઈશ્વરની

ઈચ્છા માની શાંતિપૂર્વક પસાર કરવાની શક્તિ તો માણસે મેળવવી જ જોઈએ. રમણ મહર્ષિ ને નરસી જેવા મહાત્માઓ કાંઈ કઠોર ના હતા. તેમનું દિલ લાગણી વિનાનું ને પથ્થરિયું ન હતું, તે તો પ્રેમની પ્રતિમા જેવા હતા. જે સારાય સંસારને ઈશ્વરનું સ્વરૂપ સમજીને પ્રેમ કરે, તે પોતાને પ્રેમ કરનાર ને મમતાની નજરે જોનાર માણસો પર ને બીજા કોઈયે જીવો પર દ્વેષભાવ કે ઘૃણા કેવી રીતે કરી શકે ? તે વસ્તુની કલ્પનામાં પણ અજ્ઞાન રહેલું છે. રમણ મહર્ષિએ માતાની સ્મૃતિ માટે આશ્રમમાં માતૃભૂતેશ્વર મંદિરની રચના કરી છે, તે તેમનો માતા પ્રત્યેનો પ્રેમ બતાવી આપે છે. એટલે માતા પ્રત્યેનો પ્રેમ તો તેમના હૃદયમાં હતો જ, પણ મોહ ન હતો. મૃત્યુનો શોક ન હતો, તેથી તેમણે નાહક વિષાદ ના કર્યો. આ વાતમાંથી ઘણું શીખવાનું છે. મહાપુરુષોનાં જીવન જ બીજાને સારું શિક્ષારૂપ છે. સાધારણ માણસોએ પણ મૃત્યુથી પ્રભાવિત ને શોકિત ના થવાની શક્તિ કેળવવી જોઈએ.

રોવા ને કૂટવાની પ્રથા આપણે ત્યાં સર્વ-સાધારણ જેવી થઈ ગઈ છે ને માણસોને તેમાં ગૌરવ ને આનંદ લાગે છે એ વિચિત્ર છે. કેટલીક સ્ત્રીઓ તો રોવામાં ને વિવિધ રીતે છાતી કૂટવામાં નિષ્ણાત જેવી કે સિદ્ધહસ્ત મનાય છે ને તેમની હાજરીમાં ઑર રંગત જામે છે એવો કેટલાકનો અનુભવ છે. મૃત્યુના ગંભીર ને પ્રેરણાત્મક પ્રસંગને આપણે કેવું વિચિત્ર સ્વરૂપ આપી દીધું છે તે આ બધી વાતો પરથી સહેજે જાણવા મળે છે. મૃત્યુ તો એક રીતે માણસની સેવા કરે છે, ને માણસને માટે આશીર્વાદ બનીને



આવે છે. સંસારમાં ડૂબેલા, ભાન ભૂલેલા ને મોહમય બનેલા માણસને તે સાવચેત કરે છે, ને શિક્ષા આપે છે કે, હે માનવ, મને ભૂલતો નહિ. સંસારના રંગ જેમ આવનારા ને જનારા છે તેમ જીવન પણ આવનારું ને જનારું છે. જીવન ઘણું સુંદર છે. પણ મારો સંબંધ તેની સાથે સદાને માટે જોડાયેલો જ છે તે પણ તું જાણી લેજે. પણ મારાથી ડરીશ નહિ, હું તો તારો મિત્ર છું; નવા જીવનનું દાન કરીને તારા પર ઉપકાર કરું છું. સંસારમાં ના લપટાવવાનો તને બોધપાઠ આપું છું ને તારે અમર બનવું હોય, મારા પર વિજય મેળવી લેવો હોય, તો તેની પણ તને યાદ આપું છું. તેનો ઉપાય પણ બતાવી દઉં છું. મને મારવાનો ને મારા પર શાસન કરવાનો ઉપાય પણ બતાવી દઉં છું. મને મારવાનો ને મારા પર શાસન કરવાનો ઉપાય જાણવો છે ? મારા ને સારાય સંસાર પર જેનું શાસન ચાલે છે, ને આ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ ને વિનાશકતાનું જે મૂળ કારણ છે, તે પરમકૃપાળુ ને સર્વશક્તિમાન સ્વામીનું શરણ લઈ લે; પરમાત્મામાં પ્રાપ્તિ કરી લે. બીજો કોઈ માર્ગ નથી. મારા પર વિજય મેળવવાની બીજી કોઈ કૂંચી નથી. જોને તારા ઋષિઓએ પણ કહ્યું છે કે नान्य पंथा विद्यातेऽचनाय કોઈપણ સંજોગોમાં મારો શોક તો ના જ કરીશ.

**—શ્રી યોગેશ્વરજી**

'જ્યારે એક નાનકડું આંગણું છૂટી જાય છે તો પૂરું આકાશ તમારું આંગણું થઈ જાય છે.'

## ।। ભૂતનાથ મહાદેવના બ્રહ્મગિરિજી ।।

સિદ્ધયોગીસેવિત ગિરિવર ગિરનારની ગૌરવવંતી ગોદમાં એની તપઃપૂત પ્રશાંત તળેટીમાં વસેલું જુનાગઢ.

એમાં વેરાવળ રોડ પર પ્રસિદ્ધ બહાઉદ્દીન કૉલેજની સામે આવેલું ભૂતનાથ મહાદેવનું સુંદર સુવિશાળ સ્થાન.

એના માયાળુ મહંત બ્રહ્મગિરિજી મહારાજ.

ઈ.સ. ૧૯૭૫ના ડિસેમ્બર મહિનામાં મારે ત્યાં પહેલીવાર પ્રવચનો કરવા જવાનું થયું ત્યારે અનાયાસે એમના પરિચયમાં આવવાનું થયું મારો ઉતારો ત્યાં રાખવામાં આવ્યો અને મારા પ્રવચનો પણ ત્યાંજ યોજાયાં.

બ્રહ્મગિરિ મહારાજ મૂળ ગોંડલના. પૂર્વના કોઈક અદૃષ્ટ અગમ્ય કર્મસંસ્કારોને લીધે નાની ઉંમરથી જ ગિરનારના અસાધારણ આકર્ષણને અનુભવતા અને એની પુરાણપ્રસિદ્ધ પવિત્ર ભૂમિમાં જવાનાં સ્વપ્નાં સેવતા.

પરમાત્માની પરમકૃપાથી એમનાં સ્વપ્નાં સાચાં પડ્યાં અને એક ધન્ય દિવસે એમના અસાધારણ અનોખા આત્મસંતોષ સાથે એ ગિરનારના પાવન પ્રદેશમાં પહોંચી ગયા. સંસારની સફરે નીકળેલા આત્માને એનું અસલ વતન મળ્યું; ચિરપરિચિત સાધના સ્થળ જડ્યું.

એમણે ગિરનારની યાત્રા કરી. કોઈ પ્રાતઃસ્મરણીય સિદ્ધ મહાપ્રતાપી મહાપુરુષના મેળાપ માટે દૃષ્ટિ દોડાવી. એવા



મહાપુરૂષનો મેળાપ તો પૂર્વજન્મના પ્રબળ સંસ્કારો અથવા પરમાત્માની પરમકૃપા હોય તો જ થઈ શકે. એમની શોધ ફળી. એમને સાધનાની સુયોગ્ય ભૂમિ પણ પ્રાપ્ત થઈ.

ગિરનારને ચઢનારા પ્રવાસીઓ અંબાજીની ટૂક સુધી પહોંચીને દૂર દૃષ્ટિપાત કરે છે તો ગોરખનાથની તથા દત્તાત્રેયની ટૂકનું દર્શન કરે છે. ગોરખનાથના સુપ્રસિદ્ધ સ્થાનની નીચેના ભાગમાં દૃષ્ટિપાત કરતાં કમંડળ કુંડનું દર્શન થાય છે. એ સ્થાન ઘોર જંગલમાં વસેલું છે. ત્યાં ભગવાન દત્તાત્રેયની ધૂણી છે, કેટલાક સાધુઓ વસે છે, અતિથિઅભ્યાગતની અન્નક્ષેત્રદ્વારા સેવા કરાય છે, અને પરંપરાગત લોકોક્તિ પ્રમાણે આજે પણ કોઈક અલૌકિક અવસર પર ભગવાન દત્તાત્રેય પધારે છે ત્યારે કોઈ સૌભાગ્યશાળી સુસંસ્કારી સાધકો કે સત્પુરૂષોને એમનું દેવદુર્લભ દૈવી દર્શન સાંપડે છે. એ એકાંત શાંત સ્થળના મહંતો પણ મોટે ભાગે પરમતપસ્વી, ત્યાગી તથા સેવાભાવી હોય છે. એ સ્થળ અને એના સ્થાનાધ્યક્ષોના સંબંધમાં પ્રાચીનકાળથી જાતજાતની ચમત્કાર વાર્તાઓ વહેતી આવે છે. એમનો પોતાનો અનોખો આહલાદક ઈતિહાસ છે. એ ઈતિહાસના સ્વલ્પ શ્રવણ મનનથી પ્રભાવિત થયેલા બ્રહ્મગિરિ એ સુપ્રસિદ્ધ સ્થાન વિશેષમાં જઈ પહોંચ્યા. એના અવલોકનથી એમનું અંતર આનંદ પામ્યું અને શાંતિ અનુભવવા લાગ્યું. એમણે દત્તાત્રેયની ધૂણીનું, આજુબાજુના વિશાળ વનનું, તથા સ્થાનાધ્યક્ષનું દર્શન કર્યું. એમનું મન માની ગયું. સેવાભાવી સાધનાપરાયણ

પરમતપસ્વી સ્થાનાધ્યક્ષના ચરણોમાં એમણે સર્વસમર્પણ કર્યું. સદ્‌ગુરુએ શિષ્યનો સ્વીકાર કર્યો એ એમની સેવામાં રહ્યા. સદ્‌ગુરુએ સુયોગ્ય સમય પર એમનું નવીન નામકરણ કર્યું. એમના જીવનના અવનવીન અજ્ઞાત આધ્યાત્મિક અંકનો આરંભ થયો.

એ સંબંધી એમના જ શબ્દોને સાંભળીએ :

"મારા જીવનનો એ અનોખો અધ્યાય આરંભાયો. મારામાં કોઈ બીજું જ્ઞાન તો હતું નહિ. ગુરુના આદેશાનુસાર એમની અને ત્યાં આવનારા સંતોની સેવા કરતો અને મંત્ર જપતો. મારી સમજ અને શક્તિ પ્રમાણે બનતી સાધના કરતો. મારા ગુરુ પરમપ્રતાપી તપસ્વી સિદ્ધ હતા. એમને વચનસિદ્ધિ સાંપડેલી. એમના આશીર્વાદ ફળતા. એમનો સમાગમ સાચેસાચ સુખદ હતો."

"તમે કમંડલકુંડના એ સ્થાનમાં કેટલો વખત વાસ કર્યો ?" મે પૂછ્યું.

"બધાં મળીને બાર વરસ."

"બાર વરસ ?"

"હા. એ સ્થળમાં સામાન્ય રીતે એક યુગ થઈ ગયો."

"એ દરમિયાન ત્યાં જ રહીને સેવા કરતા કે બીજે ક્યાંય જતા ?"

"મારા ગુરુએ મને ભગવાન દત્તાત્રેયની સેવા સોંપેલી એટલે રોજ સવારસાંજ. હું દત્ત ભગવાનના સ્થાન પર જતો. કકડતી



ઠંડી હોય કે મૂશળધાર વરસાદ હોય, રોજ પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં મારે ત્યાં પહોંચવું પડતું. વરસો સુધી મેં એ સેવાકાર્ય કર્યું, અને એ પણ અતિશય ઉત્સાહપૂર્વક આદર સાથે. ઉંમર નાની હતી. ઉત્સાહ અનેરો. એટલે કોઈવાર કંટાળો ના આવ્યો. એ સ્થાનની સેવામાં અસાધારણ આનંદ આવતો. એ સેવાકાર્યને સોંપાવીને ભગવાન દત્તાત્રેયે મારા પર કૃપા કરી હોય એવું લાગતું."

"તમને એ દિવસો દરમિયાન કોઈ સિદ્ધ મહાપુરુષના કે દત્ત ભગવાનના દર્શનનો લાભ મળેલો ?"

"કમંડલકુંડનું સ્થાન અતિશય અદ્‌ભુત મનાય છે. એ સુંદર શાંત સ્થાનમાં કોઈ કોઈવાર સિદ્ધપુરુષો પધારતા. અમારા ગુરુદેવ અમને એમની માહિતી આપતા. પરંતુ અમારી અલ્પ બુદ્ધિ તથા શક્તિને લીધે એમને ઓળખવાનું અઘરું હતું. મારા એ વખતના જીવનના એક આશ્ચર્યકારક પ્રસંગને હું આજે પણ નથી ભૂલ્યો. ભવિષ્યમાં પણ નહિ ભૂલી શકું. મારા નિત્ય નિયમ પ્રમાણે એક દિવસ વહેલી સવારે હું દત્ત ભગવાનના સ્થાન તરફ આગળ વધતો'તો ત્યારે દત્ત ભગવાનના સ્થળથી થોડેક દૂર પગથિયાં પર મેં કોઈક સંતપુરુષને સુતેલા જોયા. હું વિચારમાં પડ્યો કે આ અંત આટલા બધા વહેલા હજુ પૂર્ણ પ્રકાશ પ્રકટ્યો નથી તે પહેલાં અહીં કેવી રીતે ને ક્યાંથી આવ્યા ? મારી બુદ્ધિ કામ કરી શકી નહિ. એ પગથી માથા સુધી ઓઢીને સુતેલા. એ પાછળથી ક્યારે અને ક્યાં વિદાય થયા તેની ખબર

ના પડી. ભગવાન દત્તાત્રેય અથવા ગિરનારના પવિત્ર પ્રદેશમાં રહેતા કોઈક પરમસિદ્ધ મહાપુરુષ મારા પર કૃપા કરીને મને એવી રીતે દર્શનલાભ આપવા આવ્યા હોય એવું લાગ્યું. એમની સાથે કશી વાતચીત ના થઈ. એમની મુખાકૃતિની ઝાંખી પણ ના કરી શકાય. તો પણ કોણ જાણે કેમ પણ એમના દર્શનથી શાંતિ મળી. અંતરમાં અલૌકિક અવર્ણનીય આનંદ કરી વળ્યો.''

''એવા કોઈ બીજા અસાધારણ પ્રસંગનું સ્મરણ થાય છે ?''

બ્રહ્મગિરિજી વિચારમાં પડ્યા. એમનું મન ગિરનારનાં વાદળ સાથે વાતો કરનારાં શૃંગો અને ગોરખનાથની ટૂકથી દત્તશિખર સુધીનાં પગથિયાં પર પહોંચી ગયું સહેજ વાર શાંત રહીને એમણે કહેવા માંડ્યું : 'દત્ત ભગવાને મારી કસોટી કરવામાં કશું બાકી નહોતું રાખ્યું. એ કસોટીમાંથી હું એમની જ કૃપાથી પાર ઉતર્યો. ઠંડી અને વરસાદની કસોટી તો ઠીક પરંતુ એક દિવસ એમણે મારી ખૂબ જ કપરી કસોટી કરી. ગિરનારનાં જંગલોમાં ભયંકર હિંસક પશુઓ વસે છે. એમાંથી એકનો મને મેળાપ થયો. ભગવાન દત્ત પોતે જ એ સ્વરૂપમાં મારી પરીક્ષા માટે પધાર્યા હોય તો પણ કોને ખબર ? ગોરખ ટૂકથી આગળ વધીને એક દિવસ સવારે હું દત્ત શિખર તરફ જઈ રહેલો ત્યારે માર્ગમાં મને એક ભયંકર પશુની મુલાકાત થઈ. એ પશુ પગથિયાંની એક તરફ ઊભેલું. અમારી આંખ એક થઈ. મારા હાથમાં પૂજાની સામગ્રી હતી, શું કરવું એ પ્રશ્ન પેદા થયો. ભયભીત બનવાથી કશું વળે તેમ ન હતું. મેં દત્ત ભગવાનનું



સ્મરણ કર્યું. એમને પ્રાર્થના કરી. એ ભયંકર પ્રાણી મારી પરીક્ષા કરતાં ઊભું રહ્યું. આખરે હું એક તરફથી આગળ વધ્યો એટલે એ પર્વતની નીચેના વિસ્તારમાં કૂદી પડ્યું અને અદશ્ય થયું. ભગવાનની કૃપાથી જ મારી રક્ષા થઈ. ગિરનાર પર્વત પરનું જીવન એવી અનેક પ્રકારની અગ્નિપરીક્ષાઓથી ભરેલું હોવા છતાં હું હિંમત ના હાર્યો. નિરાશ ના થયો. કર્તવ્ય પ્રત્યે પ્રમાદી પણ ના બન્યો. ગુરુદેવની કૃપાથી મને કશી મુશ્કેલી ના પડી. અગ્નિ પરીક્ષાનો એ આકરો સમય સમાપ્ત થયો અને મારે આ સ્થળમાં આવવાનું થયું. કમંડલકુંડના મહંત તરીકે મારા ગુરુભાઈ કામ કરે છે.'

બ્રહ્મગિરિ મહારાજે ભૂતનાથ મહાદેવના મહંત તરીકે નીમાયા પછી એ સુંદર સ્થાનના વિકાસમાં સક્રિય રસ લીધો. એ સ્થાનનો પાર વિનાની પ્રતિકૂળતાઓની વચ્ચે વસીને ધીરજ ને હિંમતથી ઉત્તરોત્તર વિકાસ કર્યો. એમની આકાંક્ષા ત્યાં વિશાળ વિદ્યાલય સ્થાપવાની છે. મહાદેવમાં એમણે થોડાક વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ માટે આશ્રય આપ્યો છે. સાધુસંતો અથવા અતિથિ અભ્યાગતોને માટે ત્યાં સદાવ્રત ચાલે છે. જેમને કરવું હોય તેમને બંને વખત તૈયાર ભોજન મળે છે. બ્રહ્મગિરિજીએ જણાવ્યું કે રામરોટીનો રિવાજ અમારે ત્યાં પરંપરાથી ચાલ્યો આવે છે. જે આવે છે તેને ભિક્ષા મળે છે. કોઈકવાર કોઈ મહાપુરૂષ પણ આવી જાય છે. એમના દર્શનથી કૃતાર્થ થવાય છે. મારા આવ્યા પછી આ સ્થળમાં સ્ત્રીઓ નિર્ભયતાથી વિહરે છે. એમનું કોઈ નામ નથી લેતું. કેટલાક

લાગવગવાળા માથાભારે માણસોએ મને હેરાન કરવાના, અહીંથી નસાડવાના, અને અહીંના કેટલાક વિસ્તારને પચાવી પાડવાના પ્રયત્નો કરી જોયા પરંતુ ભૂતનાથ ભગવાનની કૃપાથી એ બધા નિષ્ફળ ગયા.

બ્રહ્મગિરિજી મહારાજ ભગવાન ભૂતનાથના કૃપાપાત્ર છે. એમની કૃપાથી એ સરસ કાર્ય કરી રહ્યા છે. નાથ સંપ્રદાયની સુખદ સ્મૃતિ કરાવતા એ કાનમાં કુંડળ પહેરે છે. એમને લીધે એ સ્થળની શોભા ને મહત્તા વધી ગઈ છે. ગરવા ગિરનારની સુખદ છત્રછાયામાં સુશોભિત એ સ્થાન એમને લીધે વધારે શોભાયમાન અને સજીવ લાગે છે.

પ્રવાસીઓને એ પ્રેરણા પૂરી પાડે છે. પર્વત પર ચઢવાની ઈચ્છાવાળા પ્રવાસીને પ્રોત્સાહન પૂરું પાડતાં એકવાર એમણે જણાવ્યું : ''ગિરનાર પર ચઢવાનું કામ ધાર્યા જેટલું અઘરું નથી. દત્ત ભગવાનની કૃપાથી ચઢી જશો. એજ ચઢાવી દેશે. હિંમત ના હારશો. જેટલું જવાય એટલું જશો તોપણ લાભ જ થશે.''

અમારે નીકળવાનું થયું તે પહેલાં એમણે કહ્યું : ''કોઈકવાર મહાશિવરાત્રીના મેળા પર અહીં આવો તો ખૂબ જ સારું લાગશે. એ વખતે આ ભૂમિ સંતપુરુષોથી ભરાઈ જાય છે. એ દૃશ્ય અનેરું હોય છે.''

એવો અવસર તો જ્યારે આવે ત્યારે ખરો અત્યારે તો એ પવિત્ર ભૂમિની સ્મૃતિ પણ આનંદ આપે છે ને પ્રેરક ઠરે છે.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ The Glory of "Varad Hasta" ॥

(Excerpt from Pujya Maa's Journal entry)

On the way to the Airport July 6th, 2019.

For years, the practice of singing "Varad Hasta" at the beginning of any journey has continued as a tradition Today, while singing `Varad Hasta', a thought struck me, 'What if the merciful, blessing hand of this powerful Sadguru would not have been with me ?'

With such thoughts in mind, we got into the car (and departed for the airport). Within a matter of ten minutes, the words the new hymn Varad Hasta ni Mali Chhe Sahaay) automatically manifested within. I could not help but write them on the slate. And as per the divine plan. Shipraben could not help but capture It (Shipraben clicked a picture of the slate, with the poem written on it.).

The topic of this poem/hymn was selected by the Lord. It's words were also picked by God. It is God who selects Maa's Pen as His medium to write the poem, and finally even its tune is

selected by the Lord.

The lines manifest themselves or are born, in a definite tune each time. Maa has never selected a tune and then written poems for it. The words emerge from ethereal space by their own will, in their own tune, at their own time. The words arrive into Maa's heart and mind from space and travel to Maa's pen (and onto paper).

This is the tangible truth now. And therefore these poems, these words, the tunes too belong to the Lord They have been selected by the Lord.

This Maa has liked today's gift from the Divine Friend. (Pujya Prabhu).

The poem written during the Yatra of South India:

**“Varad Hasta Prabhu Tamaro**
**Sadaye Rahejo Jeevan Saharo"**

That poem/hymn. was also a gift from the Lord. That Varad blessing hand has been showering on the span of this long life.

The effect of a hand that is raised to wave goodbye. is only momentary. The sanctified



lotus hand extended to bless Maa has been gracing Maa's life continuously since 1978. That merciful hand has not been bound by time, place, circumstances, country, day. or night. Nothing has been able to interrupt it.

How long must he the life of that divine, celestial merciful hand ! How powerful must be its celestial strength! Is that merciful hand bound by the vow to protect the entire creation ? Or is that merciful hand only protecting Maa ? Has Maa, in Her eternal journey, sought and prayed for such a merciful, 'fearlessness granting'- hand ? Is it her request or her requirement? Or is it that only Maa is the most favorite of that Almighty Lord, and so He makes Maa write such poems' Thus providing an insight about His eternal and immortal presence.

Oh Merciful, 'fearlessness granting' hand! You must have appeared since the beginning of creation! How many of such merciful hands are there? Where are they ? Who else must have been adorned by the grace of these merciful hands ?

Who might have those records ? Whose orders must activate that hand ? If only one the right merciful hand is so powerful and competent, then what if someone receives the grace of both hands in life ? They must certainly become the masters of creation! The hands of the Almighty bestow their Divine touch, and make everything Divine !

Meritorious eligibility is absolutely imperative for receiving the prasad-gift of the merciful hand. The gift of that merciful hand, raised in that blessing pose at a distance, is a rarity in all three worlds.

This "Maa'' has been blessed by receiving such a rare gift-prasad. Maa has achieved highest fulfillment.

From 1978 to 2019...Maa has been in the protective sanctuary of that merciful hand for over forty years. Maa has been experiencing 'perpetual bliss', 'perpetual peace', 'perpetual joy'. Moreover, there is this unwavering faith that the merciful hand shall most certainly provide its immortal divine company through eternity.



Oh merciful, fearless lotus hand! We all offer our obeisances to you. Pranams to you Salutations to you.

• Pranams of all our millions of life cycles. Pranams to you. Salutations to you.

• Obeisances to your infinite power. Pranams to you. Salutations to you.

• Obeisances to the grace showering from the invisible merciful hand. Pranams to you Salutations to you.

• Obeisances at the Lotus feet of the Lord Almighty, Master of that merciful hand. Pranams to you. Salutations to you.

• Obeisances to every atom of the rays of blessings, emanating from the merciful hand. Pranams to you. Salutations to you.

Everywhere that Maa has been, in the past 41 years, the merciful hand has been with Maa at every breath. Life would have been just a rendition of death. in the absence of its grace.

Oh merciful hand! We owe you a debt of infinite gratitude. Glory be unto you. Obeisances to

your proficient power. Pranams to you. Salutations to you.

–Maa Sarveshwari.

And kindle a flame of enlightenment in my purified hrart,

May my pure life be forever surrendered.

At your Lotus feet, Oh Lord !

**Divya Swaroopnaa Darshan Kaaje,**

**Shraddha ne Bhakti Bharido Swami,**

**Krupani Varsha Varsavo Nehe**

**Sarita Rahe ke Sayar ne Pami.**

Oh Master, Please Bestow me with the faith and devotion Required to behold your Divine form Let there be loving showers of your Blessings So that the river(I) may attain and be one with the ocean (You).

–Maa Sarveshwari.

(2) **Varad Hasta ni Mali Chhe Sahaay** (Written 2019)

**Varad Hasta ni Mali Chhe Sahaay**

**Jeevan Naa Khune Khune Prasari Chhe Haash**

As I have received the grace/support of



Lords merciful, blessing lot Contentment pervades every corner of my life.

**Paripoorna Bani Chhe Jeevan ni Aash**

**Aathe Prahar Ame Ramiye Chhiye Raas**

All hopes and wishes of life have been fulfilled Every moment we perform the dance of ecstasy.

**Varad Hast ni Kevi Chhe Kamaal ?**

**Vippatti Saghaali Bhare Chhe Salaam**

How wonderful is the blessing of the Merciful hand ! No adversities can come close to me.

**Janmo Janam Guru Anke Niraant**

**Abhay Hasta no Sacho Sangaath**

I am eternally safe and secure in My Guru's protection As I have the true company of the 'fearlessness granting' Hand.

**Sapana Sarno Ahi Laage Sansaar**

**Sarveshwarina Salagaavya Santaap.**

Life seems just a dream My Guru/His merciful hand has destroyed all of Sarveshvvari’s miseries.

–Shri ‘Maa’ Sarveshwari.

**–અનુ. ડૉ. અર્પિતા દેસાઈ**

## ॥ પ્રભુજી રૂઠે તો મરી જાશું ॥

જીવનમાં આપણે આપણી ઇચ્છા પ્રમાણે બધું કરવા ઇચ્છીએ છીએ, પરંતુ થાય છે તો ઈશ્વરની ઇચ્છા મુજબ જ. ઈશ્વર પોતાની ઇચ્છા અને હેતુ અનુસાર આપણા જીવનને ઘડતો હોય છે. આપણા જીવનને જુદા જુદા વળાંકો આપતો હોય છે. આપણે સુખથી છકી જઈએ છીએ, દુઃખથી દુઃખી દુઃખી થઈ જઈએ છીએ, જ્યારે ભક્ત નરસિંહ તો કહે છે :

**“સુખ દુઃખ મનમાં ન આણીએ,**
**ઘટ સાથે રે ઘડિયાં**
**ટાળ્યાં તે કોઈના નવ ટળે,**
**રઘુનાથના જડિયા.”**

જીવનમાં જે સુખ કે દુઃખ આવે, આશા કે વિષાદ જાગે, આનંદ કે વેદના સર્જાય, તેને સંતો અને મહાત્માઓ ઈશ્વરની દેન માને છે. એમણે જીવનની પ્રત્યેક પરિસ્થિતિનો હસતે મુખે સ્વીકાર કર્યો છે. એની સામે કશી ફરિયાદ કરી નથી; એ અંગે કોઈ આક્રોશ ઠાલવ્યો નથી અથવા તો એવી ઘટનાઓને કારણે સંત આસ્તિકમાંથી નાસ્તિક બની ગયા નથી. ‘રામ રાખે તેમ રહીએ’ એ રીતે કહે છે. સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે તેમ ‘જે જે ભાવો અવશ્ય બનવાના છે, તેમને જો અટકાવી શકાયા હોત તો નળ, રામ કે યુધિષ્ઠિર જેવા મહાપુરુષો દુઃખોથી લેપાત નહિ.’

કર્મ કરવું પણ ફળની આશા ન રાખવી. એટલે કે વ્યક્તિએ



પુરુષાર્થ કરવો પણ અમુક પરિણામ આવશે જ એમ માનવું નહિ. એનો આ પુરુષાર્થ તો વૈજ્ઞાનિકના પ્રયોગ જેવો છે, જેમાં નિષ્ફળતાઓ આવતી રહે અને ઈશ્વરકૃપા હોય તો સફળતા હાથ લાગે. કુશળ આયોજક ઈશ્વર પાસે તો યોજનાની આખી રૂપરેખા હોય છે. સમગ્ર યોજનાના આરંભથી અંત સુધીનો એને ખ્યાલ હોય છે. નવાઈની વાત તો એ છે કે આપણી યોજનાઓ નિષ્ફળ જાય, ત્યારે આપણે પૂર્વજન્મના કર્મનો, ઈશ્વરનો કે નસીબનો વાંક કાઢીએ છીએ. હતાશાને દૂર રાખવા માટે બહાનાં ઊભાં કરીએ છીએ, કારણ કે આપણો અહંકાર એ નિષ્ફળતાનો સ્વીકાર કરવા માટે લેશમાત્ર તૈયાર હોતો નથી.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એક વાત સરસ કહી છે : “ઈશ્વર મોટાં મોટાં સામ્રાજ્યોથી વિમુખ થાય છે, પરંતુ નાનાં નાનાં પુષ્પોથી ક્યારેય ખિન્ન થતો નથી.”

આપણી યોજનાઓ વિશે જરા વિચાર કરીએ. કેટલાકમાં ભવ્ય સફળતા અને કેટલાકમાં ઘોર નિરાશા અને નિષ્ફળતા તો ક્યારેક છેક સફળતાને કિનારે વહાણ લાંગરવાનું હોય અને ડૂબી જાય છે તો ક્યારેક નિષ્ફળતાનાં વાદળોથી ઘેરયેલા ગમગીન આકાશમાં સફળતાનો સૂર્ય એકાએક ઊગે. આમ યોજનાની સફળતા કે નિષ્ફળતા આપણા હાથની વાત નથી. સફળતા મળે કે નિષ્ફળતા મળે, તો એનો સ્વીકાર કરીને આગળ ચાલવું, કારણ કે યોજનાના પરિણામ અંગે આપણે કશું નિશ્ચિત કહી શકતા નથી. આફત કે સંકટથી અકળાવાને બદલે જે કોઈ પરિસ્થિતિ હોય તેનો આનંદથી સ્વીકાર કરવો.

આથી જ ઈશ્વરની યોજનાને સમજનારી મરમી વ્યક્તિઓ જે કોઈ પરિસ્થિતિ હોય એનો સ્વીકાર કરે છે. પરિસ્થિતિથી અકળાઈ જવાને બદલે પ્રતિકૂળ સંજોગોને આવકારે છે. અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનની પત્ની મેરી લિંકનથી તદ્દન ભિન્ન સ્વભાવની હતી. લિંકન સ્વાવલંબી, સંતોષી, પરગજુ અને નિઃસ્વાર્થી હતા, જ્યારે મેરી એમનાથી તદ્દન સામા છેડાની, કંજૂસ ને ઝઘડાળુ સ્વભાવ ધરાવતી હતી. ઉદાર લિંકન ફંડફાળો ઉઘરાવનારને ક્યારેય ખાલી હાથે જવા દેતા નહિ અને મેરીથી આ સહેજેય સહન થતું નહિ. મેરી વારંવાર ખૂબ ગુસ્સે થતી. ક્યારેક લિંકન એટલો બધો ત્રાસ અનુભવતા કે તેઓ ઘરની બહાર નીકળી જતા, ઑફિસમાં જઈને બેસી જતા. આમ છતાં લિંકને ક્યારેય કોઈની સામે એમના દાંપત્યજીવન અંગે ફરિયાદ કરી નહોતી. એ બધું મૂંગે મોઢે સહન કરતા રહ્યા અને પોતાના સિદ્ધાંતમાં અડગ રહીને ધ્યેયસિદ્ધિ માટે પુરુષાર્થ કરતા રહ્યા.

ઈશ્વરની યોજના પર શ્રદ્ધા રાખનાર ઘણી શંકાઓ અને વિકલ્પોથી મુક્ત રહે છે. પતિના કે દિયરના ત્રાસ સામે મીરાં કેવી શ્રદ્ધાથી 'પ્યારા ગોવિંદના ગુણ' ગાય છે; શ્રદ્ધા-ખુમારી દાખવે છે ! એ જ મીરાં કહે છે :

**''રાણોજી રૂઠશે તો રાજ તજાવશે,**
**પ્રભુજી રૂઠે તો મરી જાશું.**
**વિખના પ્યાલા રાણાજીએ મોકલ્યા,**
**ચરણામૃત કરી લેશું.''**



જો રાણા રૂઠશે તો બહુ બહુ તો એમના રાજ્યમાંથી કાઢી મૂકશે, પણ તેથી શું ? ચિંતા તો પ્રભુની કરવાની છે કે પ્રભુ રૂઠે તો શું થાય ? મીરાંને ત્રાસ આપનાર રાણાજીએ એને ઝેર મોકલ્યું હતું. મીરાંએ વિષનું ચરણામૃતરૂપે પાન કર્યું. આ રીતે મીરાંએ પોતાની ભક્તિમાં પ્રતિકૂળ એવા સંજોગોને સ્વીકારીને ગિરધરના ગુણ ગાવાનો આનંદ અનુભવ્યો હતો.

આપણે આપણી જીવનકિતાબ સ્વયંના અનુભવોનો વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે જીવનની કેટલીક ઘટનાઓને આપણે તર્ક કે બુદ્ધિથી સમજી શકતા નથી. આવી ઘટનાઓને સમજવા માટે આપણા માથાનું દહીં કરીએ છીએ; કિંતુ એ વિચારતા નથી કે એની પાછળ ઈશ્વરી સંકેત તો નિહિત નથી ને ? ઈશ્વરની યોજનાને સમજવા માટે આપણે કોઈ પ્રયાસ કે પુરુષાર્થ કરતા નથી. ઈશ્વર કપરી પરિસ્થિતિમાં કોઈ અણધાર્યો ઉકેલ આપી દે છે, કોઈ આફત આવતી હોય તો એ પહેલાં આપણને ચેતવી દે છે. મુશ્કેલીઓમાં ઘેરાયા હોઈએ અને એમ લાગે કે આમાંથી બહાર નીકળી શકાય તેમ નથી, એવે સમયે એકાએક આપત્તિમાંથી ઉગારનારો કોઈ માર્ગ મળી જાય એવો આપણો અનુભવ છે.

ઈશ્વર પર શ્રદ્ધા રાખનારના હૃદયમાં આપોઆપ પ્રસન્નતા જાગતી હોય છે. 'શ્વેતાશ્વતર ઉપનિષદ'માં ઈશ્વરની વાત કરતાં કહ્યું છે : ''ઈશ્વરને આંખોથી કોઈ જોઈ શકતું નથી, પરંતુ આપણામાંથી સહુ કોઈ મનને પવિત્ર કરીને નિર્મળ બુદ્ધિથી ઈશ્વરને જોઈ શકે છે.'' આથી તર્કની દીવાલો, બુદ્ધિના કિલ્લા,

ઈચ્છાઓના આગારો, બહાનાંની બારીઓ અને અટકળોનાં દ્વાર રચીને જીવનને કુંઠિત રીતે જોવાનો પ્રયાસ કરવાને બદલે ઈશ્વરની યોજનાનો અને એના નિર્ણયોનો સ્વીકાર કરીને રહેવું જોઈએ.

પ્રાપ્તિ માટેનો પ્રયત્ન એ માનવીય પુરુષાર્થ છે, પરંતુ એનું પરિણામ એ ઈશ્વરનો સંકેત છે. મનુષ્ય તરીકે આપણે એકેએક વસ્તુઓ સમજવા માટે પ્રયત્ન કરીએ છીએ. એકેએક ઘટનાનો તાગ મેળવવા માટે આપણે ખૂબ ઊંડે ઊતરીએ છીએ, દિવસોના દિવસો સુધી એને માટે મંથન-મથામણ કરીએ છીએ. આપણી આસપાસની બાહ્ય બાબતો પાછળ આપણે ઘણી શક્તિ અને સમય ખર્ચીએ છીએ; પરંતુ એટલી જ શક્તિ આપણે સાર્થક અને હેતુપૂર્ણ આંતરિક અને સાત્ત્વિક બાબતો માટે ખર્ચીએ તો ? આપણે આપણા જીવનને ઊર્ધ્વગામી બનવાના પ્રયત્નોમાં આપણો પુરુષાર્થ પ્રયોજીએ તો ?

**—પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

---

'સંસારમાં બધું કર્મથી મળે છે એ ગણિત છે. જ્યારે પરમાત્મા કર્મથી નહિ, અકર્મથી, સમર્પણથી મળે છે. આક્રમણથી નહિ, મટવાથી મળે છે.'



**આદિ શંકરાચાર્ય રચિત**

# ॥ 'ભજ ગોવિન્દમ્' ॥

**भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते ।**
**संप्राप्ते सन्निहिते काले नहि नहि रक्षति डुकुञ्करणे ॥**

भज-ભજ, ભજન કર, गोविन्दं-ગોવિંદને, मूढमते-ઓ મૂર્ખ, संप्राप्ते-(જ્યારે) આવશે, सन्निहिते-નિર્ધારિત, અત્યંત નજીક, સમીપ, काले-કાળ, મૃત્યુ, नहि-ચોક્કસ નહિ, रक्षति-રક્ષા કરશે, डुकुञ् करणे-'કૃ' ધાતુ કરણના અર્થમાં છે એવાં વ્યાકરણનાં સૂત્રો.

ઓ મૂર્ખ ! ગોવિન્દને ભજ, ગોવિન્દને જ ભજ. (ગોવિન્દનું ભજન કર). જ્યારે નિર્ધારિત કાળ (મૃત્યુ) નજીક આવશે ત્યારે 'કૃ' ધાતુ કરણના અર્થમાં છે (એવાં વ્યાકરણનાં સૂત્રોની ગોખણપટ્ટી) તારું રક્ષણ નહિ જ કરે. (૧)

અન્યત્ર દ્વિતીય પંક્તિના પૂર્વાર્ધમાં 'સંપ્રાપ્તે સન્નિહિતે મરણે' કે 'પ્રાપ્તે સન્નિહિતે મરણે' એવો પાઠ પણ જોવા મળે છે. અલબત્ત અર્થમાં ખાસ ફેર પડતો નથી.

આ અસાધારણ ઉપદેશમાં હૃદયદ્રાવક સહજતા તથા સ્વયંસ્ફૂર્તિ રહેલાં છે. આ પ્રાસંગિક નહિ પણ વૈશ્વિક અપીલ છે, એક વિદ્યાર્થીના નિમિત્તે મનુષ્યમાત્રને આપવામાં આવેલો ઉપદેશ છે. વિદ્યારંભ કરનાર પ્રત્યેક વિદ્યાર્થી જો માનવજીવનના ઉચ્ચતર ધ્યેય પ્રત્યે સભાન બને તો તે આધ્યાત્મિક જીવન તરફ બેધ્યાન બન્યા વિના સાંસારિક જીવન

જીવશે. જીવન એટલે, 'જટાયુ' કાવ્યમાં કવિ સિતાંશુ યશશ્ચંદ્રે કહ્યું છે તેમ-

વનનો લીલો અંધકાર જેમ કહે તેમ સહુ કરે,

ચરે, ફરે, રતિ કરે, ગર્ભને ધરે, અવતરે, મરે.

—એટલું જ નહિ. આહાર, નિદ્રા, ભય અને મૈથુનમાં માનવજીવન સમાપ્ત થતું નથી. મનુષ્ય જીવનનું લક્ષ્ય ઉચ્ચતર છે જ. 'ભજ ગોવિંદમ્' મનુષ્ય પાત્રને એ લક્ષ્ય પ્રતિ જાગ્રત કરે છે.

'મુંડકોપનિષદ્ 'માં બે પ્રકારની વિદ્યા દર્શાવવામાં આવી છે. પરા અને અપરા. પર એટલે ચઢિયાતું, ઉત્કૃષ્ટ. દેશ, કાળ અને વસ્તુત્વની મર્યાદાથી રહિત પરમાત્મ તત્ત્વ જેનો વિષય છે તે વિદ્યાને પરા વિદ્યા કહે છે. અપર એટલે ઊતરતું, નિકૃષ્ટ. પરમાત્મા કરતાં જે ઊતરતું તત્ત્વ છે, સમગ્ર વ્યાવહારિક જગત, તેને વિષય કરતી વિદ્યાને અપરા વિદ્યા કહેવામાં આવે છે. પર તત્ત્વ અને અપર તત્ત્વ, સત્ય અને મિથ્યા, નિત્ય અને અનિત્ય, ઈશ્વર અને સંસાર-આ બંનેને જાણવાં જોઈએ. સંસારને અનિત્ય અને મિથ્યા તરીકે જાણીશું ત્યારે તેના પ્રત્યે વૈરાગ્ય જન્મશે અને મન ઈશ્વરને, પરાવિદ્યાને અભિમુખ બનશે.

અપરા વિદ્યા આપણને ક્ષણભંગુર સુવિધાઓ અને સમૃદ્ધિ આપી શકે, આપણી સાંસારિક જરૂરિયાતો જેવી કે અન્ન, વસ્ત્ર અને રહેઠાણ આપી શકે પણ આપણને શોક કે મૃત્યુમાંથી બચાવી ન શકે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં મહાન નારદ ઋષિની વાત આવે છે. એક વાર તેમનું મન અશાંત થઈ ગયું, શોક ગ્રસ્ત થઈ ગયું. તેઓ મહાન સંત સનત્કુમાર પાસે જઈ શાંતિનો



માર્ગ પૂછે છે. સનત્કુમાર તેમને પૂછે છે : 'તમે શાંતિ મેળવવા શું કર્યું છે ?' નારદજી તેમને કહે છે, 'મેં બધાં ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે, બધી વિદ્યાઓ, કસબો પર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે.' સનત્કુમાર તેમને કહે છે કે તમે જે કંઈ જાણો છો તે તો નામમાત્ર છે. નામથી મોટું શું છે ? વાણી, વાણીથી મોટું મન. પરંપરામાં છેલ્લે પ્રાણને સૌથી મોટો બતાવવામાં આવ્યો. પરંતુ નારદજી સુખને સમજવા ઇચ્છતા હતા.

સનત્કુમારે કહ્યું, જે ભૂમા છે, વિશાળતા છે, અનંતતા છે તે જ સુખ છે. અલ્પમાં, મર્યાદિતમાં સુખ નથી. ભૂમા બ્રહ્મ છે, અમૃત છે. આગળ ઉપદેશ આપતાં તેઓ કહે છે કે આ સર્વ હું જ છું. આ સર્વ આત્મા જ છે. સર્વની એકતાનું આવું જ્ઞાન જે ધરાવે છે તે આત્મામાં જ રત છે, આત્મામાં જ ક્રીડા કરે છે, આત્મામાં જ તેનો આનંદ છે. આવો પુરુષ જીવનમુક્ત છે. આ જ્ઞાની મહાપુરુષ જુએ છે કે આત્મામાંથી જ નામથી માંડીને પ્રાણ સુધીનું સર્વ ઉત્પન્ન થાય છે, અર્થાત્ તેની દૃષ્ટિમાં આત્માથી અન્ય કાંઈ છે જ નહિ. આ જ્ઞાન પામેલો મનુષ્ય મૃત્યુને, રોગને કે દુઃખને ગણકારતો નથી. આ જ્ઞાનથી તેનાં સર્વ બંધન છૂટી જાય છે.

અંતઃકરણના સર્વ દોષોથી મુક્ત થયેલા નારદજીને ભગવાન સનત્કુમારે આ રીતે અજ્ઞાનરૂપી અંધકારને પાર કરવાનો માર્ગ બતાવ્યો.

શંકરાચાર્ય પણ આ શ્લોકમાં અપરા વિદ્યા મેળવવા મથતા વિદ્યાર્થીને એ જ પૂછે છે કે વ્યાકરણનાં સૂત્રોની ગોખણપટ્ટી તમને શું આપી શકશે ? શું તે તમને શોક અને દુઃખના સાગર

એવા સંસારમાંથી આ મૃત્યુના મુખમાંથી બચાવી શકશે ?

આપણે જાણીએ છીએ કે પ્રત્યેક પ્રાણી મૃત્યુથી રક્ષણ મેળવવા માગે છે. કોઈ મરવા ઇચ્છતું નથી. મૃત્યુમાં શોક, દુઃખ, વ્યથા, એકલતા અને ભય સમાવિષ્ટ છે. મનુષ્ય માત્રમાં જીવન પ્રત્યે, અસ્તિત્વ પ્રત્યે અને અમરતા પ્રત્યે અનુરાગ હોય છે. આપણે બધા બંધન, પરાધીનતા અને અલ્પતાથી મુક્ત થવા ઇચ્છીએ છીએ. મૃત્યુમાંથી મુક્તિનો અર્થ પણ એવી મુક્તિ જ છે.

પ્રશ્ન થાય કે મનુષ્ય જો શોકમાંથી, બંધનમાંથી, અલ્પતામાંથી, મૃત્યુમાંથી મુક્ત થવા ઇચ્છતો હોય તો તે ભિન્ન ભિન્ન પ્રકારની પ્રવૃત્તિમાં રત શા માટે રહે છે ? એનું કારણ એ છે કે પ્રત્યેક મનુષ્યનો મુક્તિ વિશેનો ખ્યાલ જુદો જુદો છે. પ્રત્યેક વ્યક્તિ પોતાના ખ્યાલ પ્રમાણે બંધનમાંથી મુક્ત થવાથી મથામણ કરે છે. પણ અંતે વધુ ને વધુ બંધનોમાં બંધાય છે.

સંસારમાં મુક્તિનું વચન આપનારી બધી ચીજો નવાં બંધન જન્માવે છે. શાંતિ, સુરક્ષા માટે મનુષ્ય મકાન બનાવે છે. પણ પછી એ મકાન બંધનરૂપ બની જાય છે. મકાનની સંભાળ રાખવી પડે છે. તેને લીધે મકાનમાલિક મકાન ખાલી રાખી બીજે જઈ શકતો નથી. બેકાર માણસને લાગે છે કે નોકરી મળવાથી તે સ્વતંત્ર, સુખી થઈ શકશે. પરંતુ નોકરી મળ્યા પછી તેને જાળવવા માટે માણસે ઘણો ભોગ આપવો પડે છે. સંસારમાં કશું પણ વિના મૂલ્યે મળતું નથી. પ્રત્યેક વસ્તુ મેળવવા માટે મૂલ્ય ચુકવવું પડે છે. મકાન, નોકરી, મોટરગાડી એ બધાં જરૂરી નથી એમ નહિ કહી શકાય. આપણા જીવનની કેટલીક જરૂરિયાતો



તેમના વડે સંતોષાય છે; પરંતુ આપણે જીવનમાં જે ઇચ્છીએ છીએ એ ચિરંતન સુખ-શાંતિ પૂરાં પાડવાની એમની ક્ષમતા છે ?

આપણો અનુભવ છે કે પ્રત્યેક સુખ સાથે કશુંક દુઃખ સંકળાયેલું હોય છે, પ્રત્યેક પ્રાપ્તિ સાથે કશીક અતૃપ્તિ રહેલી જ હોય છે. આપણે મૃત્યુ, અજ્ઞાન અને દુઃખ, શોકમાંથી મુક્ત થવા જ ઇચ્છીએ છીએ, રક્ષણ મેળવવા માગીએ છીએ, પણ શંકરાચાર્ય સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે 'નહિ નહિ રક્ષતિ'. સાંસારિક સિદ્ધિઓ કે સમગ્ર સંસાર પણ આપણું રક્ષણ કરવા સમર્થ નથી. આચાર્ય આપણને સૌથી પહેલાં તો આપણે શું શોધી રહ્યા છીએ એ વિશે સ્પષ્ટ થવા કહે છે. ત્યારબાદ આપણે વિચારવું જોઈએ કે આપણે જે કરી રહ્યા છીએ તે આપણા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ઉપકારક છે કે નહિ. રાજકોટમાં રહેનાર જો જામનગર જવા ઇચ્છતો હોય અને ભાવનગર ભણી ભાગે તો લક્ષ્યસ્થાને ક્યાંથી પહોંચી શકે ? દિલ્હી જવા ઇચ્છતો વડોદરાવાસી ચેન્નઈ જતી ટ્રેનમાં બેસે એવું જ થયું ને ? આવા લોકોને આપણે મૂર્ખ જ કહીએ ને ? આચાર્ય પણ એટલે જ ગોખણીયા પંડિતને 'મૂઢમતે' કહે છે. પ્રશ્ન થાય કે વ્યાકરણ જેવા કઠિન શાસ્ત્રને સમર્પિત પંડિતને 'મૂર્ખ' કહેવાય ? વ્યાકરણનાં સૂત્રો પર પ્રભુત્વ પ્રાપ્ત કરવું એટલું જ લક્ષ્ય હોય તો ન કહેવાય, પણ પૂર્ણત્વ પ્રાપ્ત કરી પ્રભુમય બનવાનું લક્ષ્ય ન હોય તો અવશ્ય 'મૂર્ખ' કહેવાય; કેમકે કેવળ વ્યાકરણનાં સૂત્રો (અર્થાત્ દુન્યવી સિદ્ધિઓ) પૂર્ણત્વ, બુદ્ધત્વ પ્રાપ્ત કરાવવા માટે સક્ષમ, સમર્થ નથી.

'મૂઢમતિ' શબ્દના મૂળમાં 'મોહ' રહેલો છે. મોહ, ભ્રમ કે

અવિવેક છે. વિવેક નીરક્ષીર, સત્યમિથ્યા છૂટાં પાડનારી પૃથક્કરણાત્મક શક્તિ છે. વિવેકી મનુષ્ય વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજી શકે છે, પામી શકે છે. વિવેકનો વિરોધી શબ્દ છે અવિવેક, મોહ કે અધ્યાસ. આવો મનુષ્ય જળ અને મૃગજળ વચ્ચે વિવેક કરી શકતો નથી. તરસ લાગે ત્યારે તે જળ પાસે જવાને બદલે મૃગજળની પાછળ દોડે છે અને અંતે પ્રાણ ગુમાવે છે. ભૌતિક સિદ્ધિઓ, સમૃદ્ધિ, માન અકરામ પાછળ આંધળી દોટ મૂકનારા મૂઢપતિઓ મૃત્યુને પામે છે, વિનાશને પામે છે. કોણ છે આ મૂઢમતિ ? વ્યાકરણનાં સૂત્ર ગોખનાર પંડિત જ ?

મનુષ્યમાત્ર પોતાને 'હું' કહે છે. આ 'હું' છે કોણ ? વાસ્તવમાં 'હું'ની અંદર બે વસ્તુઓની સેળભેળ થઈ ગઈ છે. વ્યક્તિ અને વ્યક્તિત્વ. અભિનેતામાં જે રીતે બે વસ્તુઓ હોય છે-વ્યક્તિ અને વેશ. આપણે નાટક કે ફિલ્મ જોતી વખતે અભિનેતા અને તેના વેશ વચ્ચે વિવેક કરી ભેદ કરીએ છીએ. ભિખારીનો વેશ ભજવતો અભિનેતા વાસ્તવમાં શ્રીમંત હોય છે એ આપણે જાણીએ છીએ તેથી ભૂખથી વ્યથા અનુભવતા ભિખારીને આપણે આર્થિક સહાય કરવા દોડી જતા નથી. અભિનેતાની જેમ આપણાં પણ બે પાસાં છે : વ્યક્તિ અને વ્યક્તિત્વ. મન, બુદ્ધિ, શરીરનો સમાવેશ વ્યક્તિત્વમાં થાય. વ્યક્તિત્વ સાથે સંકળાયેલ વ્યક્તિ ચૈતન્યસ્વરૂપ 'હું' છે. પરંતુ આપણે આ ભેદ ભૂલી જઈ બે ભિન્ન તત્ત્વોને એકરૂપ માની વ્યવહાર કરીએ છીએ. વ્યક્તિત્વની (વેશની) મર્યાદાને, સીમિતતાને આપણે આપણી મર્યાદા માની દુઃખી થઈએ છીએ અને એમાંથી મુક્ત થવા મથ્યા કરીએ છીએ, ઝૂર્યા કરીએ



છીએ. તેથી જ્યારે શંકરાચાર્ય 'મૂઢમતે' સંબોધન કરે છે ત્યારે તે કેવલ પેલા વૃદ્ધ પંડિતને લાગુ પડતું નથી, અવિવેકી અને મોહગ્રસ્ત મનુષ્યમાત્રને લાગુ પડે છે.

મનુષ્યે મોહિત, ભ્રમિત થવા માટે કશો પ્રયત્ન કરવો પડતો નથી. ભગવાન કૃષ્ણે ગીતાના સાતમા અધ્યાયમાં (૨૭માં શ્લોકમાં) કહ્યું જ છે :

**इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ।**
**सर्वभूतानि संमोहं सर्गे यांति परंतप ॥**

(હે ભારત ! ઈચ્છા અને દ્વેષને પરિણામે ઉપજનારાં સુખદુઃખાદિ દ્વન્દ્વના મોહને લીધે જ હે પરંતપ ! આ જગતમાં સર્વ પ્રાણીઓ ભ્રમિત થાય છે.)

આપણે આપણા સાચા સ્વરૂપથી અનભિજ્ઞ છીએ. આપણે માત્ર સીમિતતામાંથી મુક્ત થવાની મથામણ કર્યા કરીએ છીએ. પરંતુ શું ખરેખર આપણે મર્યાદિત છીએ ? વેદાંત કહે છે કે વાસ્તવમાં આપણે સીમિત નથી. તે તો કહે છે तत्त्वमसि । તું મુક્ત અને અસીમિત છે. તું જે શોધે છે એ જ છે ! મુક્તને બદ્ધ માનવો અને પૂર્ણ અસીમિતને અલ્પ મર્યાદિત માનવો એ ભ્રમ છે. આ દેહ તો ઉપાધિ છે, વેશ છે. મન આપણને આપવામાં આવેલું સાધન માત્ર છે. આ સંસારમાં કશીક ભૂમિકા ભજવવા, કશાંક કાર્ય કરવા આપણને શરીર, મન અને બુદ્ધિરૂપી સંઘાત પ્રદાન કરવામાં આવ્યો છે. તે અનાત્મા છે, તેમને આત્મા માનવો એ ભ્રમ છે. આ ભ્રમને લીધે જ આપણે આપણી જાતને અધૂરી, અપૂર્ણ, મર્યાદિત માની દુઃખી થઈએ છીએ. શરીર નાશવંત હોવાથી આપણે પોતાને નાશવંત માનીએ છીએ અને

સ્વજનોના શરીરનો નાશ થતાં દુઃખી થઈએ છીએ. આપણાં શરીરનો નાશ થશે અને ત્યારે આપણો પણ નાશ થશે એવા કાલ્પનિક ભયથી આપણે અત્યંત ભયભીત થઈએ છીએ. શરીરને સુદૃઢ, શક્તિશાળી બનાવવા આપણે પાર વિનાનો પરિશ્રમ કરીએ છીએ, અપાર ધનનો વ્યય કરીએ છીએ. શરીરને સુંદર બનાવવા આપણે શું નથી કરતા ? આપણા અથાક પ્રયાસ છતાં શરીર ક્યારેય અમર બની શકવાનું નથી. જેનો જન્મ થયો છે તેનું મૃત્યુ અનિવાર્ય છે, જેનું સર્જન થયું છે તેનો નાશ અચૂક થવાનો તો કરવું શું ?

કરુણામયી આર્દ્ર આચાર્ય પ્રેમપૂર્વક અને ભારપૂર્વક કહે છે : 'ભજ ગોવિંદમ્, ભજ ગોવિંદમ્, ગોવિંદમ્ ભજ મૂઢમતે !' અર્થાત્ ગોવિંદનું ભજન કર. અહીં ગોવિંદનો અર્થ થાય છે મુક્તિ, પૂર્ણતા, અમરતા અને અખંડ આનંદ જેની આપણે સતત શોધ કરીએ છીએ. અહીં 'ગોવિંદ' શબ્દ વ્યાપક અર્થમાં પ્રયોજાયો છે. તે વિષ્ણુનું નામ તો છે જ. 'વિષ્ણુસહસ્રનામ'ના ૩૩મા અને ૭૧માં શ્લોકમાં તે પ્રયોજાયો છે. શંકરાચાર્ય આ શબ્દને ચાર રીતે સમજાવે છે : સર્વોચ્ચસત્તા, પરબ્રહ્મ. 'ગોવિંદ' એ છે જે પૃથ્વીને જાણે છે. અહીં પૃથ્વી સંસારના સર્વ પદાર્થોનું સારભૂત તત્ત્વ છે. 'ગો'નો એક અર્થ ગાય છે જે ઈન્દ્રિયોની સૂચક છે. ગોવિંદ ગોકુળનો ગોવાળ જ નથી, પરંતુ સમગ્ર પ્રાણીસૃષ્ટિનો પાલક છે, જીવનદાતા છે. 'ગો'નો એક અર્થ વાણી પણ થાય છે. વાણી દ્વારા જ બધાં પ્રાણીઓ અવગમન સાધે છે. 'ગો'નો એક અર્થ વેદ પણ થાય છે. જેને વેદ વડે, વેદાંતના મહાવાક્યો દ્વારા જાણી શકાય છે એ ગોવિંદ છે. ટૂંકમાં



ગોવિંદનો અર્થ થાય છે આત્મા, સંસારનું મૂળભૂત સત્ય. તેથી 'ભજ ગોવિંદમ્'નો અર્થ થાય છે પરબ્રહ્મ પરમાત્મા સાથેના ઐક્યનો, અદ્વૈતનો અનુભવ કરવો.

'ભજ' પરથી 'ભજન' અને 'ભક્તિ' બને છે. ભક્તની ભગવાન પ્રત્યેની ભક્તિને નવ પ્રકારની (નવધા) કહેવામાં આવી છે : (૧) ભગવાનના મહિમાગાનનું શ્રવણ કરવું (૨) ઈષ્ટદેવના મહિમાનું ગાન (કીર્તન) કરવું (૩) ભગવાનના સ્વરૂપ અને સૌંદર્યનું સ્મરણ કરવું (૪) ભગવાનનાં ચરણોની સેવા (પાદસેવનમ્) કરવી (૫) મંત્રો અને સ્તોત્રની સહાયથી ભગવાનની અર્ચના કરવી (૬) ભગવાનને ભક્તિભાવ પૂર્વક વંદન કરવું (૭) ભગવાનની સેવા કરવી (દાસ્યમ્) (૮) ભગવાન સાથે પ્રેમપૂર્વક ગોષ્ઠિ કરવી (સખ્યમ્) અને (૯) ભગવાન પ્રત્યે પોતાનું સર્વસમર્પણ કરવું (આત્મનિવેદનમ્). આ નવે પ્રકારની ભક્તિમાં ભજવાનો ભાવ રહેલો છે. પ્રભુસેવા જેવી જ જનસેવા પણ છે. જનસેવા એટલે જનાર્દનસેવા.

ગોવિંદને શા માટે ભજવાનો ? આપણી સંસ્કૃતિમાં 'શિવો ભૂત્વા શિવમ્ યજેત્' એવું કહેવાય છે. અર્થાત્ આપણે જે ઈશ્વરની આરાધના કરીએ તેના ગુણો આપણી અંદર અવતરે. ગોવિંદની ભક્તિ કરવી એટલે ગોવિંદ બનવું. પરમાત્મા અને આત્મા વચ્ચે કશો ભેદ નથી. બંને એક જ છે. વાસ્તવમાં બે છે જ નહિ. બ્રહ્મ એકમેવ અદ્વિતીય છે. આપણે જેને જીવ માનીએ છીએ એ વાસ્તવમાં શિવ જ છે. શિવને ભજતાં ભજતાં જીવ શિવ હોવાનો અહેસાસ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો

આત્મસાક્ષાત્કાર એટલે જ ઈશ્વર સાક્ષાત્કાર. એ કરવો એ મનુષ્યજીવનનું એક માત્ર ધ્યેય છે, લક્ષ્ય છે. એ પ્રાપ્ત કર્યું તો જીવન સાર્થક, અન્યથા, નિરર્થક, નિષ્ફળ. જીવનમાં મનુષ્ય ગમે તેટલી સિદ્ધિઓ, સમૃદ્ધિ, સફળતા સંપ્રાપ્ત કરે પણ જ્યાં સુધી આત્માનું જ્ઞાન મેળવે નહિ ત્યાંસુધી તે શોકસંતાપથી મુક્ત થઈ શકતો નથી. મૃત્યુ સાથે દુન્યવી સિદ્ધિઓ, સમૃદ્ધિ સમાપ્ત થઈ જાય છે.

વાસ્તવમાં માનવજન્મનો ઉદ્દેશ જન્મમરણની ઘટમાળમાંથી, દુઃખમાંથી મુક્ત થઈ પરમ સુખ, આનંદ અમૃતત્વ પ્રાપ્ત કરવું એ જ છે. ગર્ભાવસ્થામાં જીવ પ્રભુને પ્રાર્થતો હોય છે કે તું મને અહીંથી મુક્ત કર, પછી હું તને ક્યારેય નહિ ભૂલું, તારું ભજન કરીશ. પરંતુ તે જેવો માતાના ગર્ભમાંથી બહાર આવે છે અને તેને સંસારની હવા લાગે છે પછી તે ભગવાનને, સર્જનહારને ભૂલી જાય છે. એક કથા છે. એકવાર એક રાજાએ પોતાના રાજ્યમાં જાહેરાત કરી કે અમુક નિશ્ચિત દિવસે તે આખો દિવસ પ્રજાજનોને મળશે અને તેઓ જે માગશે તે આપશે. એક રમ્ય ઉદ્યાનમાં એક ઊંચી ટેકરી પર આવેલા મહેલમાં રાજા બિરાજ્યા હતા. નિશ્ચિત દિવસે વહેલી સવારથી જ પ્રજાજનોને ઉદ્યાનમાં પ્રવેશ કરવા દીધા. ઉદ્યાન વિશાળ હતો. તેમાં આબાલવૃદ્ધ સહુ માટે મનોરંજનની ઘણી સામગ્રી હતી, ખાણીપીણીની સુંદર વ્યવસ્થા હતી, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની દુકાનો હતી. ઉદ્યાનમાં પ્રવેશેલા નાગરિકો આ બધાં આકર્ષણોમાં એવા અટવાઈ ગયા, ભટકી ગયા કે સાંજ પડવા આવી તોયે રાજમહેલ સુધી પહોંચી શક્યા



નહિ, સૂર્યાસ્ત થયો ત્યાંસુધી એક પણ વ્યક્તિ રાજા સુધી પહોંચી શકી નહિ ! આ નાગરિકોને 'મૂઢમતિ' સિવાય બીજું શું કહેવાય ? તેઓ પોતે શા માટે ઉદ્યાનમાં પ્રવેશ્યા એ હેતુ જ વીસરી ગયા. બધા જ નાગરિકોનું ધ્યેય તો રાજાને મળી તેમનો કૃપાપ્રસાદ પ્રાપ્ત કરવાનું હતું પણ ક્ષુલ્લક, તુચ્છ ચીજવસ્તુઓના આકર્ષણમાં અટવાઈ તેઓ પોતાનું ધ્યેય પામી શક્યા નહિ. ચોર્યાસી લાખ યોનીઓ પૈકી માત્ર મનુષ્યયોનીમાં જ મુક્તિ મેળવવી શક્ય હોય છે. એ જો ચૂકી જવાયું તો પછી ફરી મનુષ્યજન્મ ક્યારે મળશે એ કહેવું કપરું છે. થોડી આળસ, થોડો પ્રમાદ બહુ મોટી હાનિ (નુકશાન)નું કારણ બની શકે. બૃહદારણ્યક ઉપનિષદમાં (૪-૪-૧૫) કહ્યું છે : 'इहैव सन्तोऽथ पिद्मस्तद् न येद् अवेदिर्महती विनष्टिः । ये तद् विदुरमृतास्ते भवन्ति अथेतरे दुःखमेवाऽपियन्तिः ॥' (જો અહીં-આ દેહમાં-રહેતાં જો આત્માને જાણી ન શક્યા તો મહાન વિનાશ થશે. તેને જાણનારા જ અમૃત થઈ જાય છે, બાકીના દુઃખ જ પામે છે.)

જગતની કોઈપણ સિદ્ધિ-ઉપલબ્ધિ પ્રાપ્ત ન થઈ હોય ત્યાં સુધી તેનું આકર્ષણ હોય છે. તે જેવી પ્રાપ્ત થાય છે કે થોડીવારમાં જ આપણને લાગે છે કે હું જે ઝંખું છું તે આ નથી. આપણે અસીમ સુખ, અખંડ આનંદ ઇચ્છીએ છીએ, સચ્ચિદાનંદ ઝંખીએ છીએ. જગતની કોઈપણ ચીજ, ઉપલબ્ધિ આપણને સચ્ચિદાનંદ આપવા સક્ષમ નથી. એ માત્ર આપણને પરમાત્મા પાસેથી પ્રાપ્ત થઈ શકે. તેથી જ શંકરાચાર્યે આપણને ગોવિંદને, પરમાત્માને ભજવાનું કહે છે.

જગતના બધા બુદ્ધિમાન મનુષ્યો આ સત્ય સમજી શક્યા છે.

એક સામાન્ય મનુષ્ય જીવનમાં જે ઝંખે છે, સત્તા, સુંદરી, સંતાન, સમૃદ્ધિ, સુદૃઢ, સ્વસ્થ શરીર એ બધું જ રાજકુમાર સિદ્ધાર્થ પાસે હતું. છતાં તે આ સઘળાનો સમૂળો ત્યાગ કરી, મધરાતે મહાભિનિષ્ક્રમણ કરી ચાલતો થયો-શાની શોધમાં ? સચ્ચિદાનંદની, નિર્વાણની શોધમાં અને સમ્યક્ સાધનાને અંતે એ મહામાનવ બુદ્ધ બન્યો. જગતમાં બે પ્રકારના મનુષ્યો હોય છે : બુદ્ધુ અને બુદ્ધ. જે બુદ્ધુ છે, મૂઢમતિ છે એ સંસારની સુંવાળી સેજ પર પોઢી નિદ્રાસનના નશામાં મદહોશ બની, બેહોશ બની અમૂલ્ય માનવજન્મ ગુમાવે છે, ભારે ખોટનો ધંધો કરે છે. જે સભાન મનુષ્ય સવેળા જાગી જાય છે એ ગોવિંદનું ભજન કરી જીવનને સાર્થક કરી, સાધના કરી બુદ્ધત્વ પ્રાપ્ત કરે છે, આત્મતત્ત્વ પ્રાપ્ત કરી શોકને તરી જાય છે, અમૃત થઈ જાય છે. એવા સમજદાર સાધકે અમૃતત્વ પ્રાપ્ત કરવા જીવનમાં બીજું શું શું કરવું જોઈએ, શું સમજવું જોઈએ એ શંકરાચાર્ય આ સ્તોત્રની આગળની કડીઓમાં સંક્ષેપમાં પણ સચોટ રીતે સુપેરે સમજાવે છે.

ત્રણ પ્રકારની એષણાઓ, પ્રબળ ઇચ્છાઓ મનુષ્યને થતાં, મોક્ષના માર્ગે આગળ વધતાં આડખીલીરૂપ બને છે. એ પૈકી પ્રથમ પ્રબળ એષણા છે. વિત્તેષણા, ધન મેળવવાની ઇચ્છા. મોટા ભાગના મનુષ્યોનું મોટા ભાગના જીવ ધનપ્રાપ્તિમાં, ધન સંચયમાં, ધનસંવર્ધનમાં, ધનસંરક્ષણમાં વ્યતીત થાય છે. તેથી બીજા શ્લોકમાં શંકરાચાર્ય ધનાર્થી મનુષ્યને ઉદ્દેશી કહે છે.

—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ



# ॥ 'મા'—અમૂલ્ય મિરાત ॥

'મા' એટલે ૐ
'મા' એટલે ભગવતીશક્તિ
'મા' એટલે મહેશ્વરી
'મા' એટલે મહાકાલી
'મા' એટલે મહાસરસ્વતી
'મા' એટલે મહાલક્ષ્મી
'મા' એટલે પાર્વતી
'મા' એટલે સીતા
'મા' એટલે રાધા
'મા' એટલે પરમાત્મા.
ભગવાનનું બીજું નામ 'મા' છે.
'મા' એટલે મૂંગા આશીર્વાદનો વરસાદ
'મા' એટલે વહાલતણો દરિયો
'મા' એટલે વહાલભરેલો વીરડો
'મા' એટલે મંદિર કેરો દીવડો.

'મા' પ્રવાહી સ્વરૂપ હોય છે. પ્રવાહી બની જેણે જાતને કંઈક આપ્યું છે એ બધાંને આપણે એને 'મા' કહી છે. ધરતીએ આપણને અન્ન આપ્યું, પાણી આપ્યું એટલે એને ધરતીમાતા કહી. દેશે આપણને સંસ્કાર અને સંસ્કૃતિ આપ્યાં તેથી તેને ભારતમાતા કહી. ગાયત્રીએ આપણને પ્રકાશ આપ્યો અને આધ્યાત્મિક વિદ્યા આપી એટલે ગાયત્રીમા કહી. ગીતાએ આપણને સ્વધર્મ સમજાવ્યો એટલે ગીતામાતા કહી. ગંગાએ

આપણને પવિત્રતા આપી એટલે ગંગાને પણ 'મા' કહી.

અરે, ગાયને ય માતા કહી છે. પેલી પૌરાણિક કથા છે ને.. નંદા નામે એક ગાય હતી. થોડા સમય પહેલાં જ તેણે એક વાછડીને જન્મ આપ્યો હતો. સારો ચારો ચરવાના મોહથી ધણથી છૂટી પડી. ચરતાં ચરતાં તેણે પોતાની સામે જ વાઘને ઊભેલો જોયો. ભયથી ફફડવા લાગી. વાઘ વિચારે 'હું કેવો નસીબદાર ! આજ તો મારો ખોરાક સામે જ આવીને ઊભો !' ગાયને વાછડી યાદ આવી. વાઘના પંજામાંથી હવે પોતે છૂટવાની નથી એ વિચારે આંખોમાંથી આંસુ સરવાં લાગ્યાં. વાઘને આજીજીભર્યા સ્વરે કહે છે. 'મારી વાછડીને ધવડાવી લેવા દે. હું તરત પાછી આવું છું.' વાઘ કહે, 'સારી યુક્તિ કરી. એમ કરીને છટકી જવું છે ને ! હું અહીંથી જવા નહિ દઉં.' ગાયે ફરી વિનંતિ કરતાં કહ્યું, 'હું સાચું જ કહું છું હું થોડી જ વારમાં પાછી આવી જઈશ. મારા પર વિશ્વાસ રાખો. અમારા ગોકુલમાં અસત્યાચરણ કદી થતું નથી.' અને કંઈક થોભીને વાઘે ગાયને જવાની રજા આપી. વાઘ ત્યાં ઝાડ નીચે રાહ જુએ છે. નંદા તો દોડતી દોડતી વાછડી પાસે પહોંચીને ધવડાવવા લાગી. પણ વાછડીને 'મા'નો ચહેરો ચિંતાવાળો જણાતાં પૂછ્યું; 'શું છે મા ? કેમ આજે ચિંતાતુર દેખાય છે ?' 'મા'એ ધીમે રહીને બધી વાત કરી. એટલે વાછડી કહે, 'હું જ જાઉં છું. મને ખાશે એટલે પછી તું જીવી જઈશ. અને તને બચાવ્યાનું મને પુણ્ય મળશે.' 'મા' કહે, 'ના, વચન મેં આપ્યું છે એટલે મારે જ જવું જોઈએ. તું જેમ તારો ધર્મ સંભાળે છે તેમ આ મારો ધર્મ છે. એટલે વચન હું જ પાળીશ.' ગાય વાઘ તરફ દોડી. પાછળ વાછડી પણ ગઈ. બન્ને વાઘ સામે પહોંચ્યા. વાઘને વાછડી કહે, 'મને ખા.' ગાય



કહે, 'ના, મને ખા. મેં વચન આપ્યું છે.' અને એમ બન્ને વચ્ચે હા-નાની રકઝક ચાલી. છેવટે વાઘે કહ્યું, 'તમારા બન્ને પાસેથી હું આજે શીખ્યો' કે "સત્ય છે તો ધર્મ છે, સત્ય છે તો સૃષ્ટિ છે. ગાયના આંચળમાં દૂધ ભરાય છે એ સત્યનો પરચો છે. તારા એ દૂધને ધન્ય છે, એ દૂધ પીનારાને ધન્ય છે, જે ઘાસ ખાઈ તું દૂધ દે છે એ ઘાસને ય ધન્ય છે અને એ ઘાસ ઉગાડનારી ધરતીને યે ધન્ય છે."

આટલું કહીને વાઘ બન્નેને છોડીને ચાલી નીકળ્યો. ત્યારથી ગાયને 'ગાયમાતા' કહી છે.

રવીન્દ્રનાથ ટાગોરનું એક કાવ્ય છે. જેમાં ખેડૂત બારે મહિના રાત-દહાડો પસીનો પાડીને ખૂબ મહેનત કરી, પેટગુજારો કરે છે. એકવાર મહેનતથી થાક્યા પછી ઝાડ નીચે બેસી કહે છે : "'મા' ધરતી, તું દાણો તો આપે છે પણ વૈતરું બહુ કરાવે છે. આવી કંજૂસ કેમ ? તું તો ઉદાર કહેવાય છે. તો વૈતરું કરાવ્યા વગર તારા બાળકોને છૂટે હાથે દેવાય એટલું દઈ દે ને ! તો તારી વાહ વાહ થઈ જશે અને અમે બાળકો 'મા'ની મોટાઈના ગુણ ગાશું !"

'મા' હસતાં કહે, 'તારી વાત તો સાચી, પણ પછી તારું શું ? ભીખ માંગીને મફતમાં મળેલા ધનથી તારું માન-ગૌરવ નહિ વધે. પણ જે હશે તે ય સાફ થઈ જશે. એવાં માન-ગૌરવ વિનાના ભીખમંગા બાળકો કઈ માને ગમે ? બેટા ! હું તો મારા બાળકોને પોતાના બાવડાંને બળે દિગ્વિજયી થતાં જોવા ચાહું છું. બાળકોના માન-ગૌરવમાં જ માતાનાં પણ માન-ગૌરવ છે.' ખેડૂતને પોતાની ભૂખ સમજાતાં 'જય હો' કહી ધરતીમાતાના ચરણમાં પ્રણામ કર્યાં.

'મા'નું સ્થાન તેનાં પ્રેમ-સેવાથી અજોડ છે. 'મા'ના ભગવદ્સ્વરૂપનું દર્શન કવિ શ્રી મકરંદ દવે કરાવે છે –

**"હાડહાડમાં હેત ભર્યું જેણે,**
**વેણ વેણ વરદાન;**
**દેખ ઘરેઘર એ જ બિરાજે,**
**ભૂતળમાં ભગવાન !"**

'મા' અગરબત્તીના જેવું જીવન જીવે છે. જાતે દુઃખ વેઠવું પણ અન્યને સુગંધિત કરવું. 'મા' શબ્દ જ અત્યંત મધુર છે. બાળકની કાલી કાલી બોલીમાં એનો પ્રથમ ઉચ્ચાર થાય ત્યારે જાણે માધુર્યનો સાગર છલકાઈ જતો લાગે ! અને એ પરથી જ બાળકનું શિક્ષણ શરૂ થઈ જાય છે. વિનોબાજી કહેતા : 'માતૃહસ્તેન ભોજનમ્, માતૃમુખેન શિક્ષણમ્ !'

ભોજન તો માતાના હાથનું અને શિક્ષણ તો માતાના મુખનું ! આપણા કવિએ ગાયું છે ને –

**"ભગવાન કેરા સિંહાસન પાસે,**
**મારું નથી સ્વર્ગ;**
**મારું તો છે સ્વર્ગ, માતૃચરણની પાસે,**
**માતૃશરણની આશે !"**

**–શ્રી નીલમ પટેલ**

'જે ગુરુસ્મરણની ગંગામાં અને આત્માનુસંધાનની યમુનામાં નિત્ય સ્નાન કરે છે એને બીજા કોઈ શું આશીર્વાદ આપે ?'



## ॥ અધ્યાત્મ એટલે ક્ષણ-ક્ષણની જાગૃતિ ॥

આપણને બે મન હોય છે : જાગૃત મન-conscious mind. અર્ધજાગૃત મન-sub conscious mind. જાગૃત મન દ્વારા પ્રવૃત્તિ-પ્રવૃત્તિઓ થાય છે. જાગૃત મન દ્વારા કોઈ વિચાર, ભાવ કે કાર્યનું વારંવાર પુનરાવર્તન થાય તો તે વસ્તુ અર્ધજાગૃત મનમાં દાખલ થાય છે. અર્ધ-જાગૃત મનમાં પ્રવેશેલી વસ્તુ કાયમને માટે સંગ્રહાય છે; આસાનીથી નીકળતી નથી. જાગૃત મન દ્વારા અર્ધ-જાગૃત મનમાં દાખલ થયેલી વસ્તુને અર્ધ-જાગૃત મન જીવનની હકીકત બનાવી દે છે. પૂ.શ્રી 'મા' ગાય છે.

'મન મધુવનની ગલીએ ગલીએ
પુનિત પગલી પાડો તમે..
મારા જીવન આંગણે આવો હરિ,
મીઠી પ્રેમની બંસી બજાવો જરી.'

પૂ.શ્રી 'મા'ની દરેક પ્રવૃત્તિ પરમાત્મા સાથે પોતાનું અનુસંધાન કરવા અને આપણા સૌનું અનુસંધાન કરાવવા માટેની જ હોય છે. સ્વર્ગારોહણમાં થતી રોજની પ્રવૃત્તિઓ જેવી કે પ્રણામ પૂજા, પ્રદક્ષિણા, પ્રાર્થના, પારાયણ, જપ, પૂ.શ્રીનું DVD દર્શન, મૌનવ્રત, ઉપવાસ, વારિવ્રત, નિર્જળાવ્રત, સંકીર્તન, જુદા જુદા સંતોના જીવનચરિત્રની ફિલ્મ, સદ્વાંચન વળી વર્ષ દરમ્યાન થતાં સત્કર્મ, પદયાત્રા, યાત્રાઓ આઈ કેમ્પ, ફૂટ કેમ્પ વગેરે.

સહવાચનમાં શ્રી યોગેશ્વર કથામૃત, શ્રી હરિની શબ્દયાત્રા

તેમજ અન્ય વિવિધ વિદ્યાગ્રન્થોનો સમાવેશ થાય છે. આ બધી પ્રવૃત્તિના તે તે પ્રકારના જુદા જુદા Neuro pathways બને છે. લાંબો સમય આ પ્રવૃત્તિઓ ચાલુ રહે તો Neuro Pathways લંબાઈને sub-conscious mind સુધી પહોંચે છે અને sub-conscious mind માં જન્મોજન્મના સંસ્કાર બની ઊતરી જાય છે. ત્યારબાદ તમે ઇચ્છો કે ના ઇચ્છો એ Nerro Pathways ઉપર જ ચલાય છે.

આ રીતે પૂ.શ્રી 'મા' આવી સદ્‌પ્રવૃત્તિઓના વારંવારના અનુષ્ઠાન દ્વારા આપણામાં ઉત્તમ સંસ્કારોનું સીંચન કરી આપણું ઉત્તમ ઘડતર કરી રહ્યાં છે. પૂ.શ્રીને એકભાઈ પ્રશ્ન પૂછે છે કે

**પ્રશ્ન :** મૃત્યુ સમયે શરીરમાંથી આત્મા બહાર જાય છે પણ આત્મા તો પરમાત્મા સ્વરૂપ છે તો શરીરમાંથી શું બહાર જાય છે?

**પૂ.શ્રી :** ગીતામાં પંદરમાં અધ્યાયમાં કહ્યું છે તેમ;

**શ્રોત્ર :** ચક્ષુઃ સ્પર્શનમ્ ચ રસનં ઘ્રાણમેવ ચ ।
અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે ॥

કોઈ ફૂલ હોય તેને જેમ વાયુ સ્પર્શ કરે તો તે વાયુ સુગંધ લઈ જાય. ફૂલ જ્યાં ત્યાં જતું નથી. એ રીતે શરીર છોડીને જવાનું થાય ત્યારે સુગંધની જેમ સંસ્કારો લઈને જવાનું બને છે, કેવા સંસ્કારો ? આંખના, કાનનાં, સ્પર્શના. વિષયના, જેમ હવા સૂક્ષ્મ છે તે હાથમાં પકડાતી નથી, કે આંખથી જોવાતી નથી, પણ તે છે.



તેમ શરીર છૂટે છે પછી કોણ ક્યાં જાય છે ? શું જાય છે ? તે દેખાતું નથી. જેમ પેટી બંધ કરી દઈએ, તેમ આપણે શરીર છોડીને જઈએ ત્યારે આપણા સંસ્કારો, ભાવો, તર્કો-વિતર્કો આપણા અભિગમ દૃષ્ટિ વગેરે બધું જ મનરૂપી પેટીમાં અકબંધ ભરાયેલું લઈને જઈએ છીએ. નવા શરીરમાં એ બંધ પેટી જેવું વિવિધ સંસ્કારોથી ભરેલું મન પણ જાય. કેટલાંક બાળકો નાનપણથી જ ધર્મના સંસ્કારો લઈને આવે છે તેને તમારે મંદિર જવાનું, હાથ જોડવાનું, સત્સંગમાં જવાનું શીખવવું પડતું નથી. અમને સમજાવતાં પૂ.શ્રી 'મા' ગવડાવે છે : સુવાસ કોઈ ફૂલની પવન લઈને જાય, તેમ જીવ આ અંગથી મૃત્યુ સમયે જાય આંખકાન ને નાકને જીભ ત્વચા મનને, સાધન કરતાં ભોગવે જીવ વિષય રસને.

પૂ.શ્રી 'મા' કહે છે : "એનો અર્થ એ થાય કે આ જન્મે આપણે ખોટા વિચાર કરીએ તે પણ સંપત્તિ બનીને બીજા જન્મે આપણને મળે. એટલે જ ક્ષણ ક્ષણ પ્રત્યેક શ્વાસે આપણા વિચારો અને આપણા વર્તનને શુદ્ધ કરવા જોઈએ. પ્રભુને ગમે તેવા જ વિચાર, વર્તન આપણે કરવા જોઈએ. તો પછી આગળની યાત્રા આપણા માટે સુખપ્રદ થશે."

**—શ્રી દર્શના ત્રિવેદી**

**'હું તો અહીંયાં વસું છું કેવળ ગાવાને તુજ ગાન**
**દેજે તારી જગતસભામાં એટલું જ મને સ્થાન.'**

# ।। એક રાત પ્રભુ કે નામ ।।

તા. ૯ માર્ચ ૨૦૨૦, આજે હોળી છે, બપોરે સાડા ત્રણ વાગે આશિષ સાથે ફોન પર વાત થાય છે, હિમાલયયાત્રાની તૈયારીરૂપે સાંજે ચાલવા માટે જઈશું ? ત્યાં જ જાણે 'મા' યાદ આવી ગયાં, આવું નાનું નાનું શું ચાલવાનું ? ચાલવું જ છે ને તો ચાલો ચાલતાં ડાકોર જઈએ; આખી રાત ચાલીશું. સરસ જપ થશે ને નવો અનુભવ મળશે. બોલતાં તો બોલાઈ ગયું, આશિષે હા પણ પડી પણ મને વિશ્વાસ ના બેઠો, તરત અશ્વિનભાઈને ફોન કરીને કહ્યું, સાંજે ડાકોર ચાલતા જઈએ આશિષ પણ આવે છે. તેમણે પણ હા પાડી, વડોદરાના ગ્રૂપમાં પણ જાણ કરી સાંજે ૬ વાગે ડાકોર પદયાત્રા ચોક્કસ ઉપડે છે, પણ બીજા કોઈનો પણ પ્રતિભાવ ના આવ્યો. કંઈપણ સમજ્યા વગરનું આ સાહસ હતું, આ નક્કી થયા પછી વિચાર આવ્યો કે ડાકોર તો લગભગ ૬૦ કિ.મી. જેવું થાય, સહેજે ૫ કિ.મી. ની ઝડપથી ચાલીએ તો પણ ૧૨ કલાક જેવું થાય. આટલું બધું રાતે સૂતા વગર કેવી રીતે ચાલી શકાય ? રસ્તામાં ઉતારો મળશે, સગવડ મળશે તેની પણ ખબર નથી, કયા માર્ગે જઈશું ? તો થયું પ્રભુને જે માર્ગે લઈ જવા હોય તે રસ્તે જવાશે, કશું જ વિચારવું નથી, બસ ખભે થેલો એક જોડ કપડાં અને પાણીની બોટલ, શાલ લીધી, સાંજે ૬ વાગે અશ્વિનભાઈને ફોન કર્યો તેઓ ઑફિસથી ઘરે આવીને નિર્જળા પૂરા કરીને જોડાશે, આશિષને મિટિંગ છે તે પૂરી કરીને રાતે જોડાઈ જશે, જેવી 'મા'ની મરજી ! ને સાંજે સાડા છ વાગે ઘરેથી ચાલવાનું શરૂ કર્યું, બસ મનમાં એક જ ધૂન ! "એક રાત પ્રભુ કે નામ" રોજ બહુ સૂતા આજે જાગી લઈએ, જપી લઈએ, પગ અને જપ બંને સાથે ચાલે છે. સાત વાગે



અશ્વિનભાઈ જોડાયા. અંધારું થવા લાગ્યું છે, રસ્તામાં હોળીનાં દર્શન કરીએ છીએ; 'હે 'મા' ! અમારાં દૂષણોને બાળજો.' પ્રાર્થના કરી આગળ વધીએ છીએ, અશ્વિનભાઈ કહે કે; 'આજની બાવની બાકી છે ચાલો બાવની પૂરી કરીએ.' આમ કરતાં વડોદરાના છેડે પહોંચ્યા. હવે ગ્રામ્ય વિસ્તાર ચાલુ થાય છે, રસ્તામાં કૂતરા ભસતાં જણાયું કે લાકડી લેવાની તો રહી ગઈ છે. તરત આશિષને ફોન કરીને લાકડી લઈને આવવા જણાવ્યું, ચંદ્રમાનો પ્રકાશ પૂર્ણપણે અમારો રસ્તો અજવાળી રહ્યો હતો, જપ ને સ્મરણ સતત ચાલે છે, જાણે કોઈ નવી જ દુનિયામાં હોઈએ તેમ યાત્રા અને 'મા' પ્રભુ સિવાય બીજું કંઈ પણ યાદ જ આવતું નથી, જાણે 'મા' સાથે રહીને અમને ચાલવાની ચાનક ચડાવતાં હોય તેમ અલ્લડ ફકીરીમાં ચાલતા હોઈએ તેવું લાગી રહ્યું છે, દસેક કિ.મી.નું અંતર તો જાણે રમતમાં કપાઈ ગયું, હવે મનમાં "ૐ નમો ભગવતે યોગેશ્વરાય"ની ધૂન ચાલુ થઈ છે, બસ ધૂન સાથે જોડાઈને ચાલ્યા કરું છું. પદયાત્રા કરતાં કરતાં પૂ.શ્રીની 'પ્રકાશના પંથે'માં વાંચેલી યાત્રાનું સહજ સ્મરણ આવી જાય છે, મસુરીથી ઉત્તરકાશી ગયા હશે ત્યારે પૂ.શ્રીના કેવા ભાવો હશે, કેવી ખુમારી હશે. આસોજ ગામ પાસેથી આશિષ યાત્રામાં જોડાઈ ગયો તેને અમન મૂકી ગયો. બે લાકડી આવી ગઈ, લાકડીને જોતાં જ કૂતરા દૂર રહે છે ભસતા રહે છે. પણ દૂરથી સાડા દસ વાગે મંજૂસર આવ્યું. અહીં શેરડીનો રસ પીધો, બૅટરી લીધી અને તરત જ આગળ વધ્યા, અટકવું કે થોભવું પણ ગમતું નથી બસ ચાલતા રહીએ ચાલતા રહીએ. જેવા પગ ચાલવા લાગે કે તરત મન પણ ચાલતું ચાલતું 'મા'માં રમવા લાગે, કોઈપણ પ્રયત્ન વગર વાતો કરવાનું પણ મન નથી થતું કે બોલવું પણ ગમતું નથી.

આશિષ પચાસેક ડગલાં આગળ ચાલે છે હું વચ્ચે ચાલું છું અને અશ્વિનભાઈ દસેક ડગલાં પાછળ. આખી યાત્રામાં લગભગ આ જ ક્રમ રહ્યો સહુ કોઈ પોતાની મસ્તીમાં છે, ચંદ્રનારાયણ પણ સતત અમને સાથ આપી રહ્યા છે, ક્યારેક આછા વાદળની કોરે સંતાઈ જાય તો ક્યારેક પૂર્ણ દર્શન આપી જાય પણ સાથ નથી છોડતા, બધા જ ગામના કૂતરા અમારું દૂરથી સ્વાગત કરે છે અશ્વિનભાઈના હાથમાં લાકડી છે એટલે નજીક આવતા નથી, તેમની પણ હદ નક્કી હોય છે તેમની હદ બહાર નિકળીએ એટલે શાંત. રાતે અગિયાર વાગ્યા છે, ટૂંડાવ ગામ પાસે રસ્તો પૂછીને આગળ વધીએ છીએ સહજ સ્મરણ થાય કે આ તો પૂ.શ્રી 'મા'નો જપનો સમય થયો અને પૂ.'મા' જ જાણે આગળ આગળ ચાલતાં હોય અને અમે પાછળ પાછળ એમ જપ અને સ્મરણ અને પદયાત્રા ! રાતે બાર વાગે સાવલી ગામ આવ્યું. ત્યાં દસેક મિનિટ રોકાઈ ને આગળ ચાલ્યા અહીંથી આગળનો રસ્તો નિર્જન જણાય છે. બંને તરફ સરસ વૃક્ષો વચ્ચે એકાંતિક માર્ગ. જપ અને ચાલવાનો એ જ ક્રમ છે. મૌન અને જપ સાવલીથી ૫ કિ.મી. દૂર પોઈચા ગામ પાસે દસેક મિનિટ વિરામ લઈએ છીએ અહીં મોરની વસ્તી ઘણી લાગે છે સતત તેના ટહુકા સંભળાય છે. નીરવ શાંતિમાં આ મોરના ટહુકા કોઈ દિવ્ય વાતાવરણ ઊભું કરતા હોય તેવું લાગે છે, લગભગ ૩૫ કિ.મી.નું અંતર કપાઈ ચૂક્યું છે પણ પગે હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાવી નથી તેનું સુખદ આશ્ચર્ય થાય છે પણ તે વિચાર પણ ક્ષણમાં ઊડી ગયો અને ફરી મન તેની મસ્તીમાં ખોવાઈ ગયું અને આ યાત્રાનો એવો તે આનંદ હતો કે પગ જમીન પર પડતા હતા કે નહિ એ ખબર નહોતી પણ મન તો આસમાનમાં હતું અને અંતર તો સતત ''ૐ 'મા'...'' ''ૐ



'મા'...'' કરતું નાચતું હતું.

એક વાગે મહીસાગર નદી પાસે પહોંચીએ છીએ, ખૂબ નીરવ શાંતિ છે. અહીં અશ્વિનભાઈ પ્રભાતિયાના રાગમાં બાવની ગાવાનું ચાલુ કરે છે હું જોડાઈ જાઉં છું આ ધન્ય ઘડીમાં એક એક શબ્દ જાણે સાકાર હોય તેમ લાગે છે. પુલ પરથી પસાર થતાં પ્રભુના એક એક ગુણો-કરુણાસાગર શોભાધામ. સંયમશીલ મૂર્તિ કૃતકામ, અભયંકર હે અભય સ્વરૂપ, શાંતિ તણા સાગર રસરૂપ...જાણે પૂ.શ્રી સાક્ષાત્ આકાશમાંથી અમને જોઈ રહ્યા હોય તેવું ભાસતું હતું. સાડા ત્રણ વાગે છે અમે હવે અમે વડોદરા થી ખેડા જિલ્લામાં પ્રવેશી ગયા છીએ, લાલપુરા ગામની પોલીસચૉકી પાસે દસેક પાંચેક મિનિટ રોકાઈએ છીએ અહીંથી ગામડાનો રસ્તો ચાલુ થાય છે ધોરી માર્ગ આગળ નડિયાદ તરફ જાય છે. આ રસ્તા પર બે ત્રણ કિ.મી. ચાલ્યા પછી વાતો અને સત્સંગનો દોર ચાલુ થાય છે. પૂ.શ્રી કેટલા નીડર કે માત્ર નવ વર્ષની ઉંમરે એકલા મુંબઈ ભણવા ગયા, કોને ભરોસે ? રાતે ભૂતપ્રેતની બીક વગર અગાસી પર સૂતા હતા..જિંદગીમાં કોઈ ફરિયાદ જ નહિ...એ જમાનામાં એકસો વીસ રૂપિયા એટલે આજના કેટલા થાય ?..કેવો આત્મવિશ્વાસ !..'હિમાલય જવું એટલે જવું જ.' વાતોમાં એક ગામ આવ્યું અહીં પ્રભુએ અમને રસ્તો બતાવવા એક ભાઈને સીવવા માટે રાત્રે ૪ વાગે બેસાડ્યા હતા ! તેમણે આગળનો રસ્તો બતાવ્યો અને અમે આગળ વધ્યા, થોડે દૂર બીજા ભાઈ આવીને રસ્તો બતાવી ગયા. ત્યાં આગળ એક કૅનાલ આવી ત્યાં ડાકોરનું બૉર્ડ હતું તે રસ્તે વળી ગયા, પાંચ વાગ્યા છે નહેર શ્રી ગંગાજીની યાદ અપાવતી વહી રહી છે, બંને તરફ સરસ વનરાજી છે બે ત્રણ કિ.મી. ચાલ્યા પછી મૅપમાં જોયું તો લાગ્યું કે લાંબો રસ્તો

પકડાઈ ગયો છે, જેવી 'મા'ની મરજી ! વધુ જપ કરીશું. હજુ પંદર સત્તર કિ.મી. ચાલવાનું બાકી છે ફરી એ જ જપના ઊંડાણમાં ખોવાઈને અમે ત્રણે ચાલવા લાગ્યા.

સવારે ૬ વાગ્યા. પ્રભાત થયું. આસપાસનું વાતાવરણ અને તે કુદરતી દૃશ્યો ખરેખર અદ્‌ભુત હતાં. જાણે સમર્થ ચિત્રકારે સર્જેલાં વૃક્ષોની હારમાળાની પાછળ સોનેરી ઘઉંના ખેતરો તેના પર સૂર્યનો પ્રકાશ પડતાં ખૂબ સુંદર લાગતાં હતાં. અવનવાં પક્ષીઓ તેમના મધુર ગાનથી મારા જપમાં સંગીત પીરસતા હતા. અને નહેરનું વહેતું પાણી. દસ થી બાર કિ.મી. સુધી આ દૃશ્યોની સાથે મંત્ર જપ કોઈ નવા જ લોકમાં હરતા ફરતા જપતા રમતા જતા હતા, નહેર ઊંચાઈ પર હતી અને ખેતરો નીચે હતાં એટલે દૂર સુધીનાં દૃશ્યો દેખાતાં હતાં સૂર્યનારાયણ ભગવાન પણ આજે પ્રસન્ન હોય તેમ લાગતું હતું ૮ વાગે તે નહેરમાર્ગ પરથી મુખ્ય માર્ગ પર આવ્યા હજુ ૭ કિ.મી. બાકી છે એ જ મૌન અને ચાલવાનો એ જ ક્રમ ! ૯ વાગે એક મંદિર પાસે થોડો વિશ્રામ કરીને આગળ ચાલીએ છીએ નવાઈની વાત તો એ છે કે હજુ પણ પગે કોઈ ફરિયાદ નોંધાવી નથી, રાતનો મંત્ર જપનો નશો હજુ પણ મન અંતરમાં છે.. અને અમે ચાલ્યા જઈએ છીએ..સવારે ચાલવાની ગતિ થોડી ધીમી થઈ જાય છે પણ ઉત્સાહ તો એવો જ છે.

લગભગ સવારે ૧૦ વાગે ડાકોર આશિષની સાસરીમાં પહોંચી જઈએ છીએ. સરસ મોટી હવેલીમાં મનીષાબેનના ભાઈ ડૉ. યોગીભાઈ અમને ત્રણેને એક શાંત રૂમમાં સૂવાડી દે છે. થોડીવાર સૂઈને ગરમ ગરમ પાણીથી સ્નાન કરી લઈએ છે. સ્નાનથી શરીર હળવું થઈ જાય છે. ત્યારબાદ ઘરની પાછળ જ આવેલ શ્રી રણછોડરાયજીનાં દર્શને જઈએ છીએ. અત્યારે



કોરોના વાઈરસના ડરને લીધે મંદિરમાં ગિરદી ઓછી છે. 'હે 'મા' ! અમને સૌને પણ વિવિધ પ્રકારના દુર્ગુણોના વાઈરસથી બચાવજો.' મંદિરમાં ભક્તો મોટેમોટેથી શ્રી રણછોડરાયજીને પોકારતાં હતાં. પણ અમારું મન તો જપમાં શાંત જ હતું. દર્શન કરીને ફરીથી હવેલીમાં જઈએ છીએ. વિવિધ રસથી ભરેલો ભોજનપ્રસાદ મનીષાબેનનાં મમ્મી ને ભાભી અતિશય પ્રેમથી જમાડે છે અને અમને ડાકોરના બસ સ્ટેન્ડ સુધી બન્ને ભાઈઓ મૂકી જાય છે. 'મા !' આટલી સરસ આરામ, સ્નાન અને જમવાની વ્યવસ્થા કરનારની પણ સર્વ પ્રકારે રક્ષા કરજો.

'હે 'મા' ! આખી યાત્રામાં આપનું જ સ્મરણ રહ્યું.' રાત્રે પૂનમના અજવાળામાં આકાશમાં 'મા'નું સ્વરૂપ શોધ્યા કરતા હતા અને વિવિધ પ્રાર્થના ચાલતી હતી. ઘણીવાર તો મોટેથી પણ બોલાઈ જતું હતું કે "હે 'મા' ! લક્ષ કોટિ જન્મના અપરાધોને ક્ષમા કરો", આપનાં કાર્યો કરવાની શક્તિ અને આવડત ધરો. 'મા', અમારે પ્રાર્થના કેવી કરવી એ પણ આપે જ શીખવાડ્યું છે. અમારું કશું જ નથી. આભાર 'મા'.

હે 'મા', આ યાત્રા પૂર્ણ નથી કરવી, આ તો હજુ શરૂઆત છે...હે 'મા' ! દરેક પગલે પગલે આપ જ ચાલ્યાં છો; એવું પળે પળ અમે અનુભવ્યું છે. તમારી તમારાં બાળકોને પ્રેમ કરવાની રીત અનોખી છે તે માણ્યું છે.

હે 'મા', આપના આ કૃપા-અનુગ્રહના અધિકારી બનાવવા બદલ આભાર 'મા' ! પ્રણામ ! પ્રણામ ! પ્રણામ !

**–શ્રી તારક વ્યાસ**

"Any act done with totality becomes prayer."

## ॥ 'શ્યામની મા...' ॥

બાળકનું જીવન બગાડવું એના જેવું બીજું કોઈ પાપ નથી. સ્વચ્છ ઝરાના પાણીને બગાડવું એના જેવું પાપ નથી. બાળક સાથે રહેનારાઓએ આ વાત સદાસર્વદા લક્ષમાં રાખવી ઘટે. વેદમાં વસિષ્ઠ ઋષિ વરુણદેવને કહે છે : 'હે વરુણદેવ ! મારા હાથથી જો કંઈ પણ ખરાબ કામ થયું હોય તો તેને માટે મારા વડીલોને જવાબદાર ગણજે.'

નાનાંઓની પાસે મોટાંઓ હોય છે. એ મોટેરાંઓએ પોતાની જવાબદારી સમજીને વર્તવું જોઈએ. માતાપિતાએ, પાડોશીઓએ, ગુરુજીએ, સર્વેએ નાના બાળકના વિકાસને સદાય આંખ આગળ રાખીને તેની સાથે વર્તન કરવું.

શ્યામને તેના સદ્ભાગ્યને લઈને મહાન માતા મળી હતી. દરરોજ તે પોતાની માતાને મનમાં ધન્યવાદ આપતો. શ્યામનો એક પ્રેમાળ મિત્ર રામ એક વખત શ્યામને કહે; 'તારા જીવનમાં એક માધુર્ય, એક સરળતા, એક પ્રેમ, આ સુંદર હાસ્ય, આ સેવાવૃત્તિ, આ નિરહંકાર, કોઈપણ કામ કરવામાં શરમ નહિ એવી વૃત્તિ, એ બધાં ક્યાંથી આવ્યાં તે કહે. અમે માંદાની માવજત કરીએ છીએ અને તું પણ કરે છે. પણ તું માંદાની 'મા' બને છે, અમને તેવા થતાં કેમ આવડતું નથી ? તું ફક્ત તારા સુંદર હાસ્યથી બીજાને પોતાના કરી લે છે, જ્યારે અમે ચારચાર કલાક સાથે બેસીને બોલવા છતાં એમનું મન શાથી આકર્ષી



શકતા નથી ? કહે, એ જાદુ તેં ક્યાંથી પેદા કર્યો છે ? બોલ, તારા જીવનમાં આ સુગંધ કોણે ભરી, આ કસ્તૂરી કોણે વેરી, શ્યામ ?'

શ્યામે ગંભીરપણે અને ભરેલા અવાજે કહ્યું : 'એ મારી માતાનો પ્રસાદ ! મારામાં જે કંઈ સારું છે તે મારી માતાનું છે, માતા મારી ગુરુ, માતા કલ્પતરુ, તેણે મને શું નથી આપ્યું ? બધુંય આપ્યું. પ્રેમાળપણે જોવાનું, પ્રેમાળપણે બોલવાનું તેણે જ મને શીખવ્યું. મનુષ્ય ઉપર જ નહિ પણ ગાયભેંસ ઉપર, ઝાડપાન ઉપર, પ્રેમ કરવાનું તેણે જ મને શીખવ્યું. અત્યંત કષ્ટ હોવા છતાં મોઢામાંથી એક હરફ સરખો પણ કાઢ્યા સિવાય આપણું કામ ઉત્તમ રીતે કરતાં રહેવું એ તેણે જ મને શીખવ્યું. જાડો પાતળો રોટલો કરીને શી રીતે ખાવું અને ગરીબાઈમાં પણ સ્વત્વ ન ગુમાવતાં શી રીતે રહેવું એ તેણે જ મને શીખવ્યું.'

**—સાને ગુરુજી**

'‘મા'ને જોતાં લાગે છે કે, ગુરુ મળવા દોહ્યલા નથી, શિષ્ય બનવું અઘરું છે. જ્યાં ચેતનાને જાણવાપણાનું પ્રદૂષણ સ્પર્શતું નથી. જ્યાં શીખવું જ શીખવું છે; ત્યાં જ્ઞાન બોધ બનીને સમસ્ત શરીરમાં ગંગાના પ્રવાહની જેમ પ્રવાહિત થાય છે. અનુભવોની ધારા વહે છે પણ અનુભવી બનતો નથી. કર્મોની સરિતા વહે છે પણ કર્તા બનતો નથી.'

## ॥ કર્પૂરવનના ‘કાલીમંદિર તીર્થ’નું ભૂમિપૂજન પર્વ ॥

આપણાં પૂ.શ્રી‘મા’ના પ્રાગટ્યતીર્થ કર્પૂરવનમાં કાલીમંદિરતીર્થ સાથે આસપાસનાં સ્વજનોનાં ભવનોના નિર્માણકાર્યના પ્રારંભે ‘ભૂમિપૂજન’ પર્વનું તા.૧/૩/૨૦૨૦ રવિવારે સવારે ૧૦.૦૦ વાગ્યે આયોજન થયું હતું. આપણા સૌ માટે તો આ તીર્થ, તીર્થોનું મહાતીર્થ ગણાય. એટલે આ ભૂમિપૂજનપર્વ નિમિત્તે જુદા જુદા શહેરોમાંથી સાધક-ભક્તો ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમની શરૂઆત બાવનીથી થઈ. કાલીમંદિર એ આપણી શક્તિપીઠ છે. સદ્‌ભાગી જીવો આ કાર્યક્રમમાં હાજર રહી તેને માણી શક્યા. સ્નેહલભાઈ શાસ્ત્રોક્ત રીતે પૂજનની શરૂઆત પહેલાં પ્રાર્થના કરાવે છે કે આ મંદિરમાં ઘણાબધા ભક્તો આવે, અને તેઓ જે કાંઈ પ્રાર્થના કરે તે બધી આ શક્તિપીઠમાં પૂર્ણ થાય. અહીંના ગ્રામ્યજનોનું સદ્‌ભાગ્ય છે કે પૂ.‘મા’એ આ સૃષ્ટિમાંથી ભારતદેશને પસંદ કર્યો, તેમાં વળી ગુજરાત રાજ્ય અને તેમાં પણ કર્પૂરવનને પસંદ કર્યું ! પૂ.મા અહીં પ્રગટ્યા, તો શ્રી વસંતભાઈ શ્રી મયુરભાઈ, નીતાબેન, અપ્પુભાઈ (અર્પણભાઈ) શ્રી ભીખુભાઈ, શ્રી ધીરુભાઈ, શ્રી દીનુભાઈ જેવાનં પૂ.‘મા’ના પાડોશી બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

અહીં તીર્થનું નિર્માણ થઈ રહ્યું છે તો પૃથ્વીમાતાને પણ પ્રાર્થના કરીએ કે, ‘તમારી ઉપર નવનિર્માણ કરી રહ્યા છીએ, પીડા થાય તો અમને માફ કરજો. અશુદ્ધિઓને દૂર કરજો. પ્રભુ અમારી કોઈ શક્તિ નથી, અમારામાં જે કાંઈ સારું છે તે તમારું



જ છે. આ કાર્ય અશક્ય છે તો હે પ્રભુ તમે પધારો, શક્તિ પ્રદાન કરો કે બધા સંપથી એકાગ્રતાપૂર્વક રહીને કાર્ય કરી શકીએ. શ્રી કબીરજી, પૂજ્ય શ્રી યોગેશ્વરજી પૂ.‘મા’-પ્રભુ, માતા-પિતા, સ્વજનો વડીલોને પ્રાર્થના કરીએ કે અમને આશીર્વાદ આપો કે આ બધું કાર્ય સિદ્ધ થાય.’

**(૧) અમારાં બધાં કાર્યોમાં**
**તમારી મદદ માગું છું.**
**(૨) વરદહસ્ત પ્રભુ તમારો**
**સદાય રહેજો જીવનસહારો.**

અહીં શ્રી કબીરજી તેમજ પૂ.‘મા’-પ્રભુનાં સુંદર સ્વરૂપો મોકલાવ્યાં છે. વળી બીજા બધા ફોટાઓ-જેમનાં ઘર છે. તેમના વડીલોના ફોટા પણ મૂક્યા છે. કાલીમંદિરની સાથે સાથે જેમનાં ઘરો નવનિર્માણ પામવાના છે. તેમના પરિવારજનો પૂજન માટે બેઠા છે. એકબાજુ મંત્રોચ્ચારથી પૂજન થઈ રહ્યું છે અને બીજી બાજુ બધા ભક્તો બાવની ગાય છે. સતત પ્રભુસ્મરણ સાથે આખું વાતાવરણ દિવ્ય બની ગયું છે. સતત ૧૧ વાર (અગિયાર) બાવની ગવાઈ રહી છે. વળી વચ્ચે વચ્ચે કર્પૂરવનના ગૌરવવંતા ઇતિહાસનું ગાન છે તે પદ (પૂ.‘મા’ રચેલ) ગવાઈ રહ્યું છે.

**‘જય જય કર્પૂરવન...**
**જય જય ભારતખંડ !’**

આ ભૂમિપૂજન (નવનિર્માણ) માટે પરદેશથી ખાસ સાવિત્રીબેન પણ આવ્યાં છે, તેઓ પણ અહીં પૂજનમાં બેસીને ધન્ય થયાં.

પૂ.‘મા’ એ રચેલ નવસર્જનની પ્રાર્થના સૌ સમૂહમાં ગાય છે :

## સર્જન

**'વંદન કરીએ યોગેશ્વર ભગવંતને**
**પધારજો સર્જનના પ્રારંભે તમે...**
**સર્વ વિઘ્નોને દૂર કરો ભગવંત હે !**
**આશીર્વાદની વર્ષા કરજો નાથ હે...'**
**તન મન ધનને શુદ્ધ સ્વસ્થ બનાવજો**
**બળ બુદ્ધિને શક્તિ ભક્તિ આપજો**
**સંપ ધરીને સેવા કાર્ય કરાવજો**
**શ્રદ્ધા હિંમતથી સૌને શણગારજો.**
**શુભ સંકલ્પો હે હરિ, પાર ઉતારજો**
**સર્વેશ્વરીની પ્રાર્થના સર્વ સ્વીકારજો...**
**કર જોડીને વિનંતી કરીએ આપણે**
**જન્મો જન્મ છત્ર ધરી દો નાથ હે...**

દરેક ભક્તોએ પાંચ પવિત્ર નદીઓના જળનો તે પૂણ્યભૂમિ ઉપર છંટકાવ કર્યો. તે ભૂમિ તો પવિત્ર થઈ પણ જેણે છંટકાવ કર્યો તે પોતે પણ એ જળના સ્પર્શથી પવિત્ર બન્યા. ત્યાં ઉપસ્થિત સૌ જાણે આ ઐતિહાસિક ઉત્સવને માણવાનું સદ્‌ભાગ્ય અનુભવે છે.

**—શ્રી મયૂરી ટેલર**

'કબીરકા ઘર દૂર હૈ, જૈસે પેડ ખજૂર.
ચઢે તો પ્રેમરસ, ગિરે તો ચરણામૃત !'



## ॥ સ્વર્ગારોહણ-ફૂલવાડીનાં બાળશાસ્ત્રીઓ ॥

'સ્વર્ગારોહણ' નિર્દોષ-ખીલું ખીલું કરતાં બાળપુષ્પોને સત્કારવા સદા ઉત્સુક હોય છે. પૂજ્ય શ્રી 'મા' આ બાળદેવોની વિશેષતાઓને પોંખતાં સતત અવનવા ઉપાયો કરતાં જ રહે છે.

'શ્રી હરિચરણે સતત વહેતી સંસ્કારસરિતાસમાં' રથી (ઉ.વ.૧૩) અને સૌમ્ય (ઉ.વ.૯)-આ ઉભય બાળશાસ્ત્રીઓની પ્રતિભા પાંગરે, સાથે જ વૈદિક સંસ્કારોનું ગૌરવ વધે એ માટે કરુણાળુ 'મા' એ બહુ પ્રેમથી તેમને અવારનવાર સન્માન્યાં છે. પરિણામે આ બંનેમાં જોશ-ઉમંગ-ઉત્સાહનો એવો સંચાર થયો કે, તેઓ (અલબત્ત, માતાપિતાના સંપૂર્ણ સહયોગથી) 'શ્રી ગણપતિ અર્થવશીર્ષ' સ્તોત્રના મધુર ગાનની વિડીયો તૈયાર કરવામાં સફળ થયા.

શ્રી સ્નેહલભાઈ-તેજલબેનના સુપુત્ર રથી તેમજ શ્રી કેયૂરભાઈ-પૂજાબેનના સુપુત્ર સૌમ્યે વિઘ્નહર્તા શ્રી ગણેશજીની કૃપા તેમજ પૂ.શ્રી 'મા'ના આશીર્વાદથી પોતાના શ્લોકગાનના 'શ્રી ગણેશ'થી સાત્ત્વિક સૂરોની સુગંધને પ્રસારી, આપણને એ 'દિવ્ય સ્વરસૃષ્ટિ'માં લઈ જઈ ધન્ય કર્યાં છે.

ભૂદેવનાં રેશમી-શ્વેત વસ્ત્રપરિધાનમાં સજજ આ નાનકડી-રૂપકડી બેલડીની પ્રતિભાનું અભિવાદન કરતાં સમગ્ર 'અધ્યાત્મ પરિવાર' આનંદ-ગૌરવ અનુભવે છે. બંને બટુકજીઓને આપણાં હૃદયપૂર્વકનાં અભિનંદન !

**—સંકલન**